આજનો સુવિચાર

જીંદગીની કિંમત જીવવામાં છે, દિવસો વિતાવવામાં નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૯૫ જૂનાગઢ તા.૩૦-૧૧-૨૦૨૧ મંગળવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

સંસદનાં બંને ગૃહોમાં ભારે ધમાલ : વિપક્ષનો વોકઆઉટ

નવી દિલ્હી તા. ૩૦

રાજયસભાનાં ૧૨ સાંસદોનાં સસ્પેન્શનનાં પગલે સરકાર અને વિપક્ષો વચ્ચે તલવારો ખેંચાઈ ગઈ છે. રાજયસભાનાં ઉપસભાપતિ વૈંકયા નાયડુએ ગત ચોમાસુ સત્રમાં હંગામો મચાવનારા ૧૨ સાંસદોને ગઈકાલથી શરૂ થયેલા સંસદનાં સમગ્ર શિયાળુ સત્ર માટે સસ્પેન્શનનો આદેશ કરતા રાજકીય ગરમી વધી ગઈ છે. આજે વિપક્ષ કોંગ્રેસનાં નેતા મલ્લીકાર્જુન ખડગેએ સાંસદોનું સસ્પેન્શન રદ કરવાની માંગણી સાથે વૈકયા નાયડુને મળ્યા હતા પરંતુ વૈક્યા નાયડુએ સાંસદોનું સસ્પેન્શન રદ કરવાની માંગણી ફગાવી દીધી હતી. ત્યારબાદ આજે સવારે સંસદનાં બંને ગૃહ લોકસભા અને રાજયસભાની કાર્યવાહી શરૂ થઈ કે તુરંત જ વિપક્ષોએ વોકઆઉટ કરીને સંસદીય કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. વોકઆઉટ કરી ગયેલા સાંસદોએ બાદમાં સંસદ પરીષદમાં આવેલ મહાત્મા ગાંધીની પ્રતિમા ખાતે ધરણા પ્રદર્શન કરી રહયા છે. લોકસભામાંથી કોંગ્રેસ - ડાબેરીઓ, એનસીપી અને એનસીનાં સાંસદોએ વોકઆઉટ કર્યો હતો. આમ શિયાળુ સત્રનાં પ્રારંભથી જ સંસદનાં બંને ગૃહોમાંભારે ધમાસાણ મચીગયું છે.

દરમ્યાનમાં આધારભુત સુત્રોનાં જણાવ્યા મુજબ આજે સાંજે ૫.૦૦ કલાકે વિપક્ષનાં નેતા મલ્લિકાર્જુન ખડગેનાં નિવાસ સ્થાને વિપક્ષનાં નેતાઓની બેઠક મળી રહી છે જેમાં ઉપરોક્ત મામલે સરકાર સામે લડવા માટે કેવી વ્યુહરચના અપનાવી તે અંગે નીતિ ઘડાઈ શકે છે. હાલમાં તો સંસદનાં બંને ગૃહોમાં કોઈ સુચારૂ કાર્યવાહી થાય તેવા સંકેતો નથી. અને જો સરકાર અને વિપક્ષોનું વલણ અકકડ રહેશે તો શિયાળુ સત્ર પણ નિષ્ફળ જઈ શકે છે તેવા સંકેતો મળી રહયા છે.

શેરબજારમાં તેજી : ગો-ફેશનનાં શેરનું જોરદાર લિસ્ટીંગ

મુંબઈ, તા. ૩૦

મુંબઈ શેરબજારમાં આજે ટનાટન તેજી જોવા મળી રહી છે તો બીજી તરફ ગો ફેશનના આઈપીઓએ રોકાણકારોને જલ્સો કરાવી દીધો છે. આ શેરનું આજે ધમાકેદાર ૯૧ ટકા પ્રિમીયમે લીસ્ટીંગ થયુ છે.

આજે સવારેઆ લખાય છેત્યારે સેન્સેકસ ૧૫૦ પોઈન્ટ વધીને ૫૭૪૦૦ તો નિફટી ૧૦૦ પોઈન્ટ વધીને ૧૭૦૭૦ ઉપર ટ્રેડ કરે છે. તમામ સેકટર ગ્રીનઝોનમાં છે.આજે બજારમાંતેજી જોવા મળતા માત્ર ૧૫ મીનીટમાં જ રોકાણકારો ૩ લાખ કરોડ કમાયા હતા.

પાવરગ્રીડ ૨૦૬, બજાજ ફાય. ૭૧૨૦, એકસીસ ૬૭૦, ટેક. મહિન્દ્રા ૧૫૮૫, આર સીસ્ટમ ૩૪૨, એલજી બાલક્રિષ્ન ૫૩૨, શોભા ૮૫૨, ઈગારાસી મોટર્સ ૫૦૬, ઈન્ડીયન હોટલ ૧૮૩, ફયુચર ૫૩, પ્રાઈડન્ટ ૫૩ ઉપર ટ્રેડ કરી રહ્યા છે.

દરમ્યાન આજે શેરબજારમાં ગો ફેશનનું જોરદાર લીસ્ટીંગ થયુ છે. આ શેર ૯૧ ટકા પ્રિમીયમ ઉપર બીએસઈ ઉપર રૂા. ૧૩૧૬ના ભાવે તો એનએસઈમાં રૂા. ૧૩૧૦ના ભાવે લીસ્ટ થયો છે. ઈસ્યુ પ્રાઈઝ રૂા. ૬૯૦ રાખવામાં આવી હતી. આ શેરનું ભરણુ ૧૭થી ૨૨ નવેમ્બર વચ્ચે આવ્યુ હતુ અને ભરણુ ૧૩૫.૪૬ ગણુ ભરાયુ હતું.

શેરબજારમાં ગુજરાતનાં રોકાણકારોની સંખ્યા ૧ કરોડે પહોંચી ગઈ

અમદાવાદ તા. ૩૦

સ્ટોકમાર્કેટનીવાત આવેએટલે ગુજરાતીઓ એમાં કોઈ ને કોઈ રીતે સક્રિય બની જાય છે. ભારતીય શેરબજારમાં છેલ્લા એક-દોઢ વર્ષથી જે તેજી આવી છે એને કારણે ગુજરાતમાંથી રોકાણકારોની સંખ્યામાં પણ મોટો ઉછાળો જોવાયો છે. મુંબઈ સ્ટોક એકસ્ચેન્જના ઈન્વેસ્ટર્સના આંકડા મુજબ, આજે મંગળવારે ૩૦નવેમ્બર ૨૦૨૧ના રોજ ગુજરાતના રોકાણકારોની સંખ્યા પહેલીવાર ૧ કરોડને પારથઈ છે.ગુજરાત રાજ્યની વસતિ ૭ કરોડ હોવાનો અંદાજ છે. આ હિસાબે રાજ્યના લગભગ ૧૫ ટકા લોકો શેરબજારમાં રોકાણ કરે છે. ગુજરાતના આંકડા બતાવે છે કે એપ્રિલ ૨૦૨૧થી અત્યારસુધીમાં દર મહિને રાજયમાંથી અંદાજે ૨.૫૦ લાખ નવા રોકાણકારો સ્ટોક માર્કેટમાં પ્રવેશી રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાંઆશરે ૧૭ લાખથી વધુ નવા ઈન્વેસ્ટર્સ આવ્યા છે. તેમાંથીમોટા ભાગે નાના રોકાણકારો અને યુવા ઈન્વેસ્ટર્સ છે.

જિનપીંગે ૩ લાખ નવા સૈનિકોની ભરતીનો આદેશ આપ્યો

બૈજીંગ તા. ૩૦

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે સશસ્ત્ર દળોને ઝડપથી આધુનિક બનાવવા અને ભવિષ્યમાં યુદ્ધ જીતવા માટે નવી પ્રતિભાઓની ભરતી કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. આ માહિતી એવા અહેવાલો વચ્ચે સામે આવી છે કે ચીની સેનાએ ફ્રન્ટલાઈન પોસ્ટ્સ માટે વધુ ત્રણ લાખ જવાનોની ભરતી કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગ કે જેઓ સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના ઉપરાંત સૈન્યનું પણ નેતૃત્વ કરે છે.

આવતીકાલથી રાંધણગેસ સિલિન્ડરનાં ભાવ બદલાશે : ઘટાડો શકય

નવી દિલ્હી તા. ૩૦

આવતીકાલે ૧ ડિસેમ્બરના રોજ યોજાનારી એલપીજીનાં ભાવોની સમીક્ષામાં સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થવાની સંભાવના છે. કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતો ઘટી છે. આ સિવાય આવતા વર્ષે ઉત્તર પ્રદેશ, પંજાબ સહિત પાંચ રાજયોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મોદી સરકાર પેટ્રોલ અને ડીઝલની જેમ રાંધણગેસ પણ સસ્તો કરે તેવી પ્રબળ સંભાવના છે. અગાઉ દિવાળીથી એકસાઈઝ ડ્યુટી અને વેટમાં ઘટાડાને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે દિવાળી પહેલા એલપીજી ઉપર ભાવનો બોમ્બ ફૂટ્યો હતો. એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૬૬ રૂપિયાનો જંગી વધારો થયો છે, જોકે રાહતની વાત એ છે કે આ વધારો માત્ર કોમર્શિયલ સિલિન્ડરમાં જ કરવામાં આવ્યો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

આવતીકાલે ખેડૂત સંગઠનોની બેઠક આંદોલન ચાલુ રહેશે કે સમાપ્ત થશે ?

નવી દિલ્હી, તા.૩૦

કૃષિ કાયદો પરત આવ્યા બાદ ખેડૂતોના સંગઠનોનું આંદોલન ચાલુ રહેશે કે તેઓ ઘરે પરત ફરશે ? તે હજુ નક્કી થયું નથી. યુનાઈટેડ કિસાન મોરચાની એક મહત્વપૂર્ણ બેઠકઆવતીકાલે તા.૧ ડિસેમ્બરના રોજ યોજાશે કે શું ખેડૂતો તેમનું આંદોલન ચાલુ રાખશે કે ઘરે પરત ફરવાનું પસંદ કરશે. જો કે, રાકેશ ટિકૈત જેવા મોટા ખેડૂત નેતાઓ લઘુત્તમ ટેકાના ભાવ ઉપર કાયદો બનાવવાની માંગ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા સંસદમાં કાયદો પાછો ખેંચવા દરમ્યાન પંજાબના ૩૨ ખેડૂત સંગઠનોએ સિંઘુ બોર્ડર ઉપર બેઠક યોજી હતી. માહિતી મુજબ પંજાબના કેટલાક ખેડૂત સંગઠનો આંદોલનને ખતમ કરવા માંગે છે. જો કે, કેટલાક ખેડૂત સંગઠનો જયાં સુધી MSP અને અન્ય માંગણીઓ પૂરી ન થાય ત્યાંસુધી આંદોલન ચાલુ રાખવા માંગે છે. આવી સ્થિતિમાં ખેડૂત સંગઠનો વચ્ચે સહમતિ બની રહી નથી. લખીમપુર ખેરી ઘટનાના મુખ્ય આરોપી મોનુ યુનાઈટેડ કિસાન મોરચા વતી એમએસપી ઉપર કાયદો બનાવવા ઉપરાંત આંદોલન દરમ્યાન મૃત્યુ પામેલા ખેડૂતોના પરિવારોને વળતર આપવા અને તેમના સ્મારક બનાવવા, આંદોલનકારી ખેડૂતો ઉપર દાખલ કરાયેલા કેસ પાછા ખેંચવા., વીજળી સુધારણા બિલ પાછું ખેંચવું.અજય મિશ્રાના પિતા મંત્રીને હટાવવા અને તેમની ધરપકડની માંગ કરીરહ્યા છે. તેમણે આ માંગણીઓને લઈને સંયુક્ત કિસાન મોરચા વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પણ લખ્યો છે.

ભારતની ૨૦ ટકા વસ્તીને જ ઓમીક્રોનનું જોખમ

નવી દિલ્હી તા. ૩૦ : એક તરફ દેશમાં કોરોનાના કેસો ઘટીરહ્યા છે તો બીજી બાજુ નવા વેરીયેન્ટ ઓમીક્રોનનું જોખમ તોળાઈ રહ્યું છે. નિષ્ણાંતોનું માનવું છે કે કોરોનાથી સાવચેતી જરૂરી છે. કેમકે આ રોગ દેશમાં પહેલાથી ઉપસ્થિત છે. ઓમીક્રોન બાબતે બહુ ભયભીત થવાનું કારણ નથી કેમકેતેના જોખમના વ્યાપમાં દેશની લગભગ ૨૦ ટકા એવી વસ્તી હશે, જેમાં હજુ સુધી કોરોના સામે પ્રતિરોધક ક્ષમતા નથી આવી. દેશમાં થયેલ વિભીન્ન સીરો સર્વે એવા સંકેત આપે છે કે લગભગ ૮૦ટકા અથવા તેનાથી વધારે વસ્તીમાં કોરોના એન્ટીબોડીઝ છે. મતલબ આલ્ફા અને ડેલ્ટાથી સંક્રમિત થઈ ચૂકેલ વસ્તીને ઓમીક્રોનનું જોખમ ના રહેવું જોઈએ. ઓમીક્રોનની સંક્રામકતા બાબતે હજુ પુરા તથ્યો સામે આવવાના બાકી છે. દક્ષિણ આફ્રીકામાં એ ઝડપથી ફેલાયો છે પણ તેનું કારણ હજુ સ્પષ્ટ નથી થયું. જ્યાં સુધી તે જાણવા ના મળે ત્યાં સુધી તેની સંક્રામકતાનો સાચો અંદાજ નહીં આવી શકે. અત્યાર સુધીની સૂચનાઓથી એ પણ સ્પષ્ટ થયું છે કે સંક્રમણ ભલે ઝડપી હોય પણ ભયાનક બિમારીના કેસ બહુ ઓછા છે.

મુંબઈમાં જન્મેલા પરાગ અગ્રવાલ ટવિટરનાં નવા CEO

નવી દિલ્હી તા. ૩૦

ટ્વિટરના સહ-સ્થાપક જેક ડોર્સીએ કંપનીના CEO પદેથી રાજીનામું આપી દીધું છે. અમેરિકાનું મીડિયા નેટવર્ક CNBCના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડોર્સી પદ છોડવા માટે તૈયાર છે. આ સમાચાર આવ્યા પછી પરાગ અગ્રવાલ કંપનીના નવા CEO બન્યા. ૩૭ વર્ષીય પરાગે ખુદ એને સન્માન ગણાવ્યું છે. તેઓ હજુ પણ કંપનીમાં ચીફ ટેક્નોલોજી ઓફિસરના હોદ્દા ઉપર હતા. તેઓ ૧૦ વર્ષ પહેલાં કંપનીમાં જોડાયા હતા.પરાગ હવે વિશ્વની ટોપ૫૦૦ કંપનીના સૌથી યુવા CEO બની ગયા છે. ટ્વિટરે તેમની જન્મ તારીખ જાહેર કરી નથી, પરંતુ તેમણે જણાવ્યું છે કે તેમનો જન્મ ૧૯૮૪માં થયો છે.

માઈક્રો-બ્લોગિંગ સાઈટ ટ્વિટરના સહ-સ્થાપક જેક ડોર્સીએ કંપનીના CEO પદ છોડવાનો નિર્ણય લીધો છે. તેમની જગ્યાએ હવે ભારતીય મૂળના પરાગ અગ્રવાલ જવાબદારી સંભાળશે. પરાગ અગ્રવાલને ટ્વિટરના CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડોર્સીએ પરાગ અગ્રવાલની CEO તરીકેની નિમણૂક બદલ પ્રશંસા કરી હતી.

આર. હરીકુમાર નૌકાદળનાં નવા વડા બન્યા : આવતીકાલે ચાર્જ સંભાળશે

નવી દિલ્હી તા. ૩૦

વાઈસ એડમિરલ આર હરિ કુમાર આવતીકાલે નૌકાદળના વડા તરીકેનો કાર્યભાર સંભાળશે. દિલ્હીમાં ૩૦નવેમ્બરે નિવૃત્તથઈ રહેલા એડમિરલ કરમબીર સિંહ પાસેથી કાર્યભાર સંભાળશે. ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ હેડકવાર્ટરના ભાગરૂપે વાઈસ એડમિરલ આર હરિ કુમારે થિયેટર કમાન્ડ સ્ટ્રકચર્સના મૂળભૂત નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

૧૨ એપ્રિલ ૧૯૬૨ના રોજ જન્મેલા વાઈસ એડમિરલ આર હરિ કુમારને જાન્યુઆરી ૧૯૮૩માં ભારતીય નૌકાદળની એક્ઝિક્યુટિવ બ્રાન્ચમાં કમિશન આપવામાં આવ્યુંહતું. હરિ કુમારે વિવિધ કમાન્ડ, સ્ટાફ અને સૂચનાત્મક નિમણૂંકોમાં સેવા આપી છે.

વધુ એક વુહાન : દક્ષિણ આફ્રિકાનો ગૌતેંગ શહેરનાં ૯૦ ટકા લોકો ઓમીક્રોનથી સંક્રમિત

જોહાનિસબર્ગ તા. ૩૦

આશરે બે વર્ષ પહેલા ચીનના વુહાનમાંથી ફાટી નિકળેલો કોરોના વાયરસે દુનિયામાં તણાવનોમાહોલ ઉભો કર્યો હતો. ત્યાર અત્યાર સુધી દુનિયા કોરોના સામે ઝઝુમી રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી દુનિયાભરમાં કોરોનાના કેસ ઘટ્યા તો લોકોએ હાશકારો અનુભવ્યો હતો, ત્યાં સાઉથ આફ્રિકામાં મળેલા કોરોનાના નવા વેરિયન્ટે ફરી દહેશતનો માહોલ ઉભો કર્યો છે. કેનેડા, નેધરલેન્ડ અને બ્રિટેન સહિતના કેટલાય દેશોમાં આ નવા વેરિયન્ટના કેસ નોંધાય ચુક્યા છે.

પરંતુ જાણીને આશ્ચર્ય થશે કે દક્ષિણ આફ્રિકામાંએક પ્રદેશમાં ૯૦ ટકા લોકો કોરોનાના આ વેરિયન્ટથી સંક્રમિત થયા છે. આ પ્રદેશનું નામ છે ગૌતેંગ, જયાં નવા વેરિયન્ટે હાહાકાર મચાવ્યો છે. મોટાભાગના કોરોનાથી સંક્રમિત લોકોમાં ઓમિક્રોન વેરિયન્ટ જોવા મળ્યો છે. ચારે બાજુ લોકડાઉન જેવી સ્થિતિ છે. યુનિવર્સિટી અને કૉલેજ પણ બંધ કરવામાં આવ્યાં છે. દરેક લોકોના ટેસ્ટિંગ કરાઈ રહ્યાં છે. દક્ષિણ આફ્રિકાની આવી સ્થિતિ જોઈ વિશ્વના મોટા ભાગના દેશો ત્યાંથી આવતાં લોકો માટે કડક નિયમ લાગૂ કરી ચુક્યા છે. આ સાથે જ ત્યાંથી આવતી ફ્લાઈટ ઉપર પણ રોક લગાવવામાં આવી છે.

નોંધનીય છે કે આફ્રિકામાં ૧૮ થી ૩૪ વર્ષના માત્ર ૨૨ ટકા યુવાઓએ જ કોરોનાની રસી લીધી છે. જો કે, જે લોકોએ રસી લઈ લીધી છે તે અન્યને રસી લેવા પ્રેરિત કરી રહ્યાં છે.

બે વર્ષ સતત કોરોનાનોસામનો કર્યા બાદ સમગ્ર વિશ્વમાં કોરોનાના નવા વેરિયન્ટની ચપેટમાં આવવાની અણીએ છે. આ જ કારણ છે કે ઓમિક્રોનની જાણકારી મળતાં જ કેટલાય દેશોએ યાત્રા ઉપર પ્રતિબંધ લગાવી દીધો છે તો કેટલાક દેશોએ આફ્રિકાથી આવતાં લોકો માટે સીમાઓ બંધ કરી દીધી છે. ગૌતેંગ પ્રાંત દક્ષિણ આફ્રિકાના ૯ પ્રાંતમાંથી એક છે. જેની વસતી ૧.૨૫ કરોડની આસપાસ છે.

૨૦૨૨નાં પ્રારંભથી ૧૮ વર્ષથી ઓછી વયનાં બાળકોને રસી અપાશે : બુસ્ટર ડોઝ માટે વિચારણા

નવી દિલ્હી તા.૩૦

કોરોનાના નવા ઓમિક્રોન વેરીએન્ટ સામે ભારત સહિતના વૈશ્વિક દેશો સાવધ બન્યા છે અને તેનુ જોખમ નિવારવા માટેના પ્રયત્નો શરૂ કર્યા છે ત્યારે આવતા વર્ષના પ્રારંભથીજ ભારતીયોને બુસ્ટર ડોઝ આપવાનુ શરૂ કરી દેવાની દિશામાં ગંભીરતાપુર્વક વિચારણા શરૂ થઈ છે. આ ઉપરાંત ૧૮ વર્ષથી ઓછી વયના બાળકોને પણ વેકસીન આપવાનુ શરૂ કરવા તૈયારી શરૂ કરવામાં આવી છે.

ઓમિક્રોનના ખતરા વિશે નિષ્ણાંતોના હાલ વિરોધાભાસી સૂર વ્યક્ત થઈ રહ્યા છે છતાં ખતરો નિવારવા કે હળવો કરવા વેકસીન સારો ઉપાય હોવાના અભિપ્રાય વચ્ચે કેન્દ્ર સરકારે લોકોને ત્રીજોબુસ્ટરડોઝ આપવાની દિશામાં વિચારણા શરૂ કરી છે. તેના માટે આવતા બે સપ્તાહમાં ચોકકસ નીતિ ઘડી કાઢવામાં આવશે અને મોટાભાગે ૨૦૨૨માં બુસ્ટર ડોઝ આપવાનું શરૂ થશે. ભારતની કોવિડ ટાસ્કફોર્સના વડા ડો. એન.કે.અરોરાએ કહ્યું કે રસીકરણ માટેની રાષ્ટ્રીય સલાહકાર કમીટીને બે સપ્તાહમાં બુસ્ટર ડોઝ માટેની સર્વગ્રાહી નીતિ ઘડવાનું કામ સોંપાયું છે. સાથોસાથ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૪૪ કરોડ બાળકોને પણ રસી આપવાની ફોર્મ્યુલા તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

બાળકોને રસી આપવાની બાબતને લાગેવળગે છે ત્યાં સુધી અન્ય બિમારી ધરાવતા બાળકોને રસીમાં પ્રાધાન્ય આપવામાં આવશે. બુસ્ટર ડોઝને લાગેવળગે છે ત્યાં સુધી તેમાં પણ અગ્રતાક્રમ નકકી થશે. ૯૪ કરોડ ભારતીયોને રસીનો ત્રીજો ડોઝ આપવાનો થાય તે રાતોરાત શકય નથી. પ્રથમ ડોઝ વખતે જે નીતિ અપનાવી હતી તે ધોરણે કોરોના વોરીયર્સ તથા સીનીયર સીટીઝનોને અગ્રતા આપીને તબકકાવાર પ્રક્રિયા થઈ શકે. તેઓએ એવી સ્પષ્ટતા કરી હતી કે રસીનું ઉત્પાદન જંગી છે એટલે તેની સપ્લાયની કોઈ સમસ્યા નડે તેમ નથી. તેઓએ કહ્યું કે દેશમાં હજુ ૧૨થી૧૫ કરોડ ભારતીયોએ રસીનો પ્રથમ ડોઝ લીધો નથી, ૩૦ કરોડ લોકો બીજો ડોઝ લેવાનો બાકી છે ત્યારે અત્યારની જરૂરિયાત આ લોકોને વેકસીનેટ કરવાની છે.

ચિંતાની બાબત : મુંબઈમાં આફ્રિકન દેશોમાંથી આવેલા ૧૦૦૦ લોકોનો કોઈ પત્તો નથી

નવી દિલ્હી તા.૩૦

વિશ્વમાં નવો ગભરાટ સર્જનાર કોરોનોના નવા ઓમિક્રોન વેરીએન્ટથી દુનિયા સામે નવો ખતરો પેદા થયો હોવાની વિશ્વ આરોગ્ય સંગઠનની ચેતવણી વચ્ચે ભારત સહિતના દેશો સાવધ બન્યા છે ત્યારે ભારતમાં આફ્રિકી દેશોમાંથી આવેલા સેંકડો લોકોનો અતોપતો નહીં મળતા સરકારી વિભાગોમાં દોડધામ મચી ગઈ છે. માત્ર મુંબઈમાં જ આવા ૫૦૦થી વધુ લોકોનો પતો મળતો ન હોવાનું બહાર આવ્યું છે. કોરોનાનું ઓમિક્રોન સ્વરૂપ સમગ્ર વિશ્વમાં નવું જોખમ સર્જી રહ્યું છે. ભારતમાં બીજી ખતરનાક લહેર માટે આર્થિક પાટનગર મુંબઈને જવાબદાર ગણવામાં આવતુ હતું. હવે ફરીવખત મુંબઈ ઉપર જ સરકારની નજર છે. કારણ કે આફ્રિકી દેશોમાંથી ભારત આવેલા સેંકડો લોકોનું કોઈ પગેરૂ મળતુ નથી.

ઓમિક્રોન વેરીએન્ટના ખતરાને ધ્યાને રાખીને ડઝન જેટલા પ્રભાવિત રાષ્ટ્રોમાંથી પ્રવેશતા લોકો માટે કોવિડ ટેસ્ટ ફરજીયાત બનાવાયા છે. છેલ્લા ટુંકાગાળા- ૧૫ દિવસમાં આવેલા લોકોની પણ ચકાસણી કરવાની સૂચના જારી કરવામાં આવી છે ત્યારે મુંબઈ કોર્પોરેશનના જ એક અધિકારીએ એવો ખુલાસો કર્યો છે કે છેલ્લા ૧૫ દિવસમાં ૧૦૦૦થી વધુ લોકો આફ્રિકી દેશોમાંથી આવ્યા છેતેમાંથી માત્ર ૪૬૬ નું લીસ્ટ મળી શકયુ છે અને માત્ર ૧૦૦ લોકોના જ નમુના લઈ શકાયા છે.

છેલ્લા પખવાડીયામાં ૧૦૦૦થી વધુ લોકો આફ્રિકી દેશોમાંથી આવ્યા હતા તેમાંથી ૪૬૬ના નામ-સરનામા પાઠવ્યા હતા. ૧૦૦ લોકો મુંબઈમાં હોવાનું માલુમ પડતા કોવિડ સેમ્પલ લેવાયા છે. એકાદ દિવસમાં તેના રીપોર્ટ આવી જશે અને તેઓ સંક્રમીત છે કે કેમ તે સ્પષ્ટ થઈ જશે.

૧૩ દેશોમાં પહોંચ્યો ઓમીક્રોન

નવી દિલ્હી,તા. ૩૦

કોરોના વાયરસનું નવું સ્વરૂપ ઓમિક્રોન ૧૩ દેશોમાં પહોંચી ચુકયો છે. આ ખતરાને જોતા કેન્દ્ર સરકારે નવા દિશા-નિર્દેશમાં કહ્યું છે કે, ઓમિક્રોન પ્રભાવિત દેશોમાંથી મુસાફરોને ભારત પહોંચતા જ ફરજિયાતપણે કોરોના ટેસ્ટની સાથે સાથે ૭ દિવસ કોરોન્ટાઈન રહેવું પડશે.

બીજી બાજૂ જાપાને સોમવારે વિદેશીઓ માટે પોતાની સરહદોને બંધ કરવાની જાહેરાત કરી હતી. વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને ઓમિક્રોનના કારણે ઈઝરાઈલ બાદ સૌથી કડક પગલા ઉઠાવ્યા છે.

દેશમાં ૨૪ કલાકમાં ૬૯૯૦ કેસ નોંધાયા :૫૫૧ દિવસમાં સૌથી ઓછા કેસ

નવીદિલ્હી, તા.૩૦

વિશ્વભરમાં કોરોનાના ઓમિક્રોન વેરિયેન્ટના વધી રહેલા ખતરા વચ્ચે ભારતમાં મોટી રાહત જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં માત્ર ૬૯૯૦ નવા કેસ જ મળ્યા છે જે પાછલા ૫૫૧ દિવસના સૌથી ઓછા કેસ છે. આ ઉપરાંત ૧૦૧૧૬ દર્દીઓ કોરોના સંક્રમણમાંથી સાજા થઈ ગયા છે જેના પગલે એક્ટિવ કેસ મતલબ કે સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યામાં ઝડપથી ઘટાડો જોવા મળી રહ્યો છે. દેશભરમાં કુલ એક્ટિવ કેસોની સંખ્યા હવે માત્ર એક લાખ જેટલી જ રહી છે. આવું ૫૪૬ દિવસ બાદ જોવા મળી રહ્યું છે. તહેવારની સીઝન પૂર્ણ થવા અને દુનિયાભરમાં ઓમિક્રોનના ખતરાને જોતાં ભારત માટે આ બહુ મોટી રાહતની વાત ગણાશે.

ગુજરાત ઉપર વધુ એક માવઠાનું જોખમ આવતીકાલથી અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ તા. ૩૦ હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ ગુજરાત ઉપર વધુએક માવઠાનું જોખમ સર્જાયું છે. રાજયમાં ઠેરઠેર તા. ૧ અને ૨ ડિસેમ્બર દરમ્યાન ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા લો-પ્રેશર અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ગુજરાતમાં વધુ એક માવઠાનું જોખમ સર્જાયું છે.

હોટલ / રીસોર્ટ/ગેસ્ટહાઉસ ભાડે / લીઝથી જોઈએ છે

જૂનાગઢ, ગિર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં વાર્ષિક ધોરણે ચલાવવા માટે જોઈએ છે

સંપર્ક : ૯૯૨૪૪ ૬૫૦૦૦

હરસ, ભગંદર, ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ

રાજકોટ બોલાવે છે! ક્યારે પધારો છો?
Ultra Luxurius 2 & 3 BHK FLAT
પુષ્ટિ હાઈટ્સ ▸ 81000 67000
ગોંડલ રોડ, ખોડિયાર હોટેલની પાછળ, કાંગશિયાળી, રાજકોટ

પ્રસાદ ડેન્ટલ હોસ્પિટલ
દાંત, પેઢા તથા મોં નાં રોગોની સારવાર અને નિદાન કેન્દ્ર
ડો. પ્રકાશ જે. ડોડીયા (B.D.S)



દાંત તથા પેઢા તથા મોંના રોગનાં નિષ્ણાંત
એકસ-રે, ઈન્ટ્રાઓરલ કેમેરા, એન્ડોમોટર, એપેકસ લોકેટર જેવા સાધનોથી અત્યાધુનીક સારવાર
ચેપી રોગોથી બચવા સ્ટીમ સ્ટરીલાઈઝર, ઓટોકલેવ તથા ગ્લાસ બીડ સ્ટરીલાઈઝર જેવી સુવિધા
સમય સોમ થી શનિ સાંજે ૫ થી ૮ જૂનાગઢમાં મળશે
સોમ થી શનિ સવારે ૯ થી ૧૨ - ગોંડલમાં મળશે
પાદર ચોક, શાકમાર્કેટ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ, જોષીપુરા, જૂનાગઢ
મો. ૯૭૨૩૪ ૩૧૩૫૮ ફોન : ૦૨૮૫ - ૨૬૧૧૦૨૨
કૈલાશ કોમ્પ્લેક્ષ-એફ, વછેરાનાં વાડાની સામે, ગોંડલ
(ફોન : ૦૨૮૨૫) ૨૯૫૫૨૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

કોરોના મૃતકોનાં પરિજનોની સહાય માટે રાજય સરકાર પોર્ટલ બનાવશે

ગાંધીનગર તા.૩૦

સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલ સુનાવણી દરમ્યાન ગુજરાત સરકારે કોરોનામાં મૃત્યું પામનારનાં પરિવારજનોને સહાય અંગે મહત્વપૂર્ણ નિર્ણય લીધોછે. આ સહાય સરાળતાથી મળી રહે તે માટે ગુજરાત સરકાર પોર્ટલ બનાવશે અને જેમાં લોકો ડાયરેકટ સહાય માટે ઓનલાઈન અરજી કરી શકશે. સુપ્રિમ કોર્ટે ગુજરાત સરકારનાં આ નિર્ણયનો આવકારી અન્ય રાજયો પણ તેનો અનુકરણ કરે તેમ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી કે, કોરોના થયાનાં ૩૦ દિવસમાં જ મૃત્યું થયું હોય તો જ સહાય આપવામાં આવશે અને આ અંગેનાં મેડીકલ સર્ટીફીકેટ તેમજ ડેથ સર્ટીફીકેટ લઈને કલેકટર કે તાલુકા કચેરીએ જવું પડશે. જોકે, હવે ઓનલાઈન પોર્ટલ બન્યા બાદ લોકોને સહાય ફોર્મ માટે ડોકયુમેન્ટ લઈને લાઈનમાં ઉભું નહી રહેવું પડે.

ફ્રાન્સમાં નવા વેરિએન્ટનો કહેર રોજનાં ૧૦૦થી વધારે દર્દી

પેરિસ તા.૩૦

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોને દુનિયાભરના દેશોની ચિંતા વધારી દીધી છે. કોરોનાના નવા વેરિએન્ટમાં ૫૦ સ્પાઈકમ્યૂટેશનથવાથી આ બહું ઘાતક થઈ રહ્યો છે. ફ્રાન્સમાં પણ કોરોનાના નવા વેરિએન્ટની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. ફ્રાન્સના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ કોરોનાના નવા મામલાના કારણે હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત દર્દીની સંખ્યા તેજીથી વધી રહી છે. આંકડા મુજબ માર્ચ- એપ્રિલ બાદ ગંભીર રૂપથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૧૭થી વધીને હવે ૧૭૪૯ થઈ ગઈ છે. કોરોના સંક્રમણની ઝપેટમાં આવનારા આઈસીયુમાં દાખલ થનારા દર્દીઓની સંખ્યા દર રોજ ૧૦૦થી વધારે જણાવવામાં આવી રહી છે. ફ્રાન્સની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીની સંખ્યા ૪૭૦થી વધીને ૯૮૬૦ થઈ ગઈ છે જે ૨૯ માર્ચ બાદ એક દિવસમાં સૌથી મોટો ઉછાળો છે. એક અઠવાડિયા પહેલાની સરખામણીએ કોરોનાના દર્દીની સંખ્યામાં ૧૮ ટકાથી વધારે ઉછાળો જોવા મળ્યો છે. ફ્રાન્સના સ્વાસ્થ્ય મંત્રી ઓલિવિયર વેરને થોડાક દિવસ પહેલા જ કહ્યું હતુ કે ફ્રાન્સ કોરોના મહામારીની પમી લહેરની શરૂઆતમાં છે. સ્વાસ્થ્યમંત્રી વેરને કહ્યું હતું અને પડોશી દેશો પહેલાથી જ કોરોનાની પમી લહેરમાં છે. જે આપણે ફ્રાન્સમાં અનુભવી રહ્યા છીએ. જેને સ્પષ્ટ રુપથી કોરોનાની પમી લહેરની શરૂઆતની જેમ દેખાય છે.

ગુજરાતમાં સરકારી સહિત ૨૬ હજારથી વધુ જગ્યાઓ ઉપર ભરતી થશે

અમદાવાદ તા.૩૦

ગુજરાતમાં કોરોનાની મહામારી આવ્યાના દોઢ વર્ષ બાદ ભરતીની સીઝન શરૂ થઈ હોય એમ ભરતીપ્રક્રિયા ચાલી રહી છે. સરકારી નોકરીમાં **TRB**, હોમગાર્ડ જવાનથી માંડીને **GPSC**માં કલાસ-૧ અધિકારી સુધી અંદાજે કુલ ૨૩,૯૪૨ જેટલી જગ્યાઓ આગામી મહિનાઓમાં ભરવામાં આવશે. સરકારી નોકરીનું સપનું જોનારા ઉમેદવારો પાસે આ ઉત્તમ તક કહી શકાય. હોમગાર્ડ જવાનની ૬૭૦૦, **TRB**ની ૭૦૦, **GRD**ની ૬૦૦ જેટલી જગ્યાઓ ઉપર ભરતી થવાની છે. પાલનપુરમાં **GRD**(ગ્રામ રક્ષક દળ)ની ૬૦૦ જગ્યા માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં શનિવારે ૬ હજારથી વધુ ઉમેદવારો ઊમટી પડ્યા હતા. અમદાવાદમાં **TRB**માં કુલ ૨૫૦૦ની સ્ટ્રેન્થ છે, જેમાંથી થોડા દિવસ પહેલાં ભ્રષ્ટાચાર કરનારા ૭૦૦ જવાનને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે આ ૭૦૦ની ભરતી કરવામાં આવશે. એમાટે નિશ્ચિત માપદંડ હોય છે. એની સાથે હવે તેમને સોફ્ટ સ્કિલ ટ્રેનિંગ આપવામાં આવશે. તેમને બોડી વોર્ન કેમેરા લગાવવા આવશે. હાલ ૬૭૦૦ જેટલા હોમગાર્ડની ભરતીપ્રક્રિયા ચાલી રહી છે. આ માટે ગત બુધવારે ખાસ ગ્રાઉન્ડ સેટઅપ અને ડોકયુમેન્ટ વેરિફિકેશન માટેનું આયોજન કરવામાં આવ્યું છે. હોમગાર્ડના ઈન્ચાર્જ અધિકારી નીરજા ગોત્રુએ જણાવ્યું હતું કે અમારી પાસે અરજીઓ આવી છે એ પ્રમાણે સમગ્ર રાજયમાં પ્રક્રિયા હાથ ધરાઈ છે. એની સાથે અમદાવાદમાં આવતીકાલથી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થશે. એમાં ટેક્નિકલ બાબતોની જાણકારી ધરાવનારને પણ ખાસ ગુણ આપવામાં આવશે. આ વખતે પોલીસના અધિકારીને ભરતી પ્રક્રિયામાં સામેલ રાખવામાં આવશે. હોમગાર્ડને રોજના ૩૦૦ રૂપિયા ભથ્થું અને ૪ રૂપિયા વોશિંગ એલાઉન્સ મળે છે.

બોગસ કંપની અને સોસાયટીઓ બનાવીને ૨૫ લાખ લોકોને છેતરવા બદલ સહારાના સુબ્રતો રોય સહિત ૧૮ સામે નોંધાયો કેસ

કાનપુર તા.૩૦

કાનપુરના કાકાદેવ પોલિસ સ્ટેશનમાં રવિવારે સહારાના પ્રમુખ સહિત ૧૮ લોકો સામે ધોખાથી, જાલસાજી, ષડયંત્ર રચવા સહિતની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના વકીલની માંગણી ઉપર પોલિસ કમિશનરના આદેશ ઉપર કાકાદેવ પોલિસે કાર્યવાહી કરી હતી. આરોપ છે કે બોગસ કંપનીઓ અને સોસાયટીઓ બનાવીને રોકાણના નામે દેશભરના ૨૫ લાખ લોકોના ૨૫ લાખ કરોડ રૂપિયા ચાઉકરી લેવાયા છે. કાકાદેવના રહીશ સુપ્રીમકોર્ટના વકીલ અજયટંડન અનુસાર, રોકાણ, હાઉસીંગ વગેરેના નામ ઉપર આરોપીઓની કંપનીઓ દ્વારા રકમ એકઠી કરાઈ હતી. ત્યાર પછી આ રકમ હડપ કરી લેવાઈ હતી. દાવો કરાયો છે કે તેમની પાસે ફોડની દરેકે દરેક સાબિતીઓ છે જે તેમણે પોલિસને સોંપી છે. અજયે જણાવ્યું બોગસ કંપનીઓ બનાવીને આરોપીઓએ કાળા નાણાને સફેદ બનાવ્યા છે. આ છેતરપિંડી આખા દેશમાં કરાઈ છે. સહારાના પ્રમુખ સુબ્રતો રોય, તેની પત્ની સ્વપ્રા રાય, પુત્રો સુશાંતુ રોય અને શીમાંતો રોય, પુત્ર વધુ ચાંદની રોય અને રિચા રોય, ભાઈ જેબી રોય ઉપરાંત ડાયરેકટર જીતેન્દ્ર કુમાર વાર્ષ્ણેય, ઓડીટર પવન કપૂર, ડાયરેકટર કરૂણેશ અવસ્થી, અનિલકુમાર પાંડે, રાણા ઝીયા, ડી કે શ્રીવાસ્તવ, રોમી દત્તા, પ્રદિપ શ્રીવાસ્તવ, ઓમ પ્રકાશ શ્રીવાસ્તવ, અબ્દુલ દબીર અને ઓડીટર આર એન ખન્નાને આરોપી બનાવાયા છે.

પાટણમાં ચકચારી ઘટના બની

SP ઓફિસ સંકુલમાં પિતાએ ચાર સંતાનો સાથે ઝેર પીધું

આત્મહત્યાનો પ્રયત્ન કરનાર વ્યક્તિની પત્ની વર્ષ પહેલા યુવક સાથે ભાગી ગઈ હતી, જેના પગલે ચકચારી પગલું ભર્યું

પાટણ તા.૩૦

ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણમાં એક ચકચારી ઘટના બની હતી. અહીં એસપીઓફિસ સંકુલમાંજ એક પિતાએપોતાના ચાર સંતાનો સાથે ઝેરી દવા પી લીધી હતી. જેના પગલે સમગ્ર સંકુલમાં દોડધામ મચી ગઈ હતી. માનવામાં આવી રહ્યું છે કે આત્મહત્યાનો પ્રયત્ન કરનાર વ્યક્તિની પત્ની એક વર્ષ પહેલા અન્ય યુવક સાથે ભાગી ગઈ હતી. જેના પગલે આ ચકચારી પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. ઝેરી દવા પીવાના કારણેચાર સંતાનો સહિત પિતાની તબિયત બગડતા ધારપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ સાથે જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. ચકચારી ઘટના અંગે વાત કરીએ તો પાટણ જિલ્લાના હારીજ તાલુકાના ખાખલ ગામના રહેવાસી રેવાભાઈ છનાભાઈ પરમારના પત્ની આશાબહેન અને તેનીસાત વર્ષની પુત્રી એક વર્ષ પહેલા કમલેશ ગોસાઈ નામના શખ્સ સાથે ભાગી ગયા હતા. જે અંગે ૧૩ ઓકટોબર ૨૦૨૧ના રોજ રેવાભાઈ દ્વારા હારીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવવામા આવી હતી. પોલીસફરિયાદકરવા છતાં પણ તેમની પત્નીનો કોઈ પત્તો ના લાગતા આજે સોમવારે તેઓ પોતાની ત્રણ પુત્રી અને એક પુત્ર સાથે પાટણ રજૂઆત માટેઆવ્યા હતા. પાટણ એસપી કચેરી સંકુલમાં રજૂઆત માટે આવેલા રેવાભાઈએ કોઈ કારણોસર પોતાના ચારેય સંતાનો સાથેઝેરી દવા પી લેતા દોડધામ મચી હતી. હાલ પાંચેયને ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા છે. પીડિતોમાં પિતા સહિત તેમની ૧૭ વર્ષીય, ૧૫ વર્ષીય અને ૧૨ વર્ષીય પુત્રી તથા ૧૬ વર્ષીય પુત્રનો સમાવેશ થાય છે. આઅંગેડીવાય એસપી આપ.પી. ઝાલાના જણાવ્યું હતું કે પીડિત પિતાએ હારિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે કમલેશગીરી નામનો યુવક તેની પત્ની અને સાત વર્ષની પુત્રને ભગાડી ગયોછે. પોલીસને તપાસ દરમ્યાન સામે આવ્યું હતું કે પીડિતની પત્નીનું નામ આશા બહેન નહીં પરંતુ રમિલા બહેન રાજપુતછે. અને તે રાજસ્થાનના પાલીના રહેવાશી છે. આશાબહેન આ પહેલા કલોકમાં એક અન્ય યુવક સાથે રહેતા હતા અને તેમને પણ સંતાનો છે. તેમણે વધુમાં જણાવ્યુંહતું કે, ત્યારબાદ પાટણ જિલ્લાનોએક અન્ય પુરૂષ તેનેભગાડી ગયો હતો. અનેપછી સિદ્ધપુરના ગામમાં અત્યારે હાલમાં જે પતિ છે તેમનો સંપર્ક થયોઅને પીડિત તેને પોતાના ઘરે લાવ્યા અને તેમનાથી ૪ સંતાનો છે. પત્ની ન મળતાં રેવાભાઈએ પરિવાર સાથે દવા પીધી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

સુરત : મોલમાં સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

પોલીસ કૂટણખાનામાં કામ કરતી થાઈલેન્ડથી આવેલી ચાર યુવતીઓ સામે ડિપોર્ટની કાર્યવાહી કરશે

સુરત તા.૩૦

શહેરમાં એક જાણીતા મોલમાં સ્પાની આડમાં એક કૂટણખાનું ઝડપાયું છે. સુરત પોલીસમિસિંગસેલની રેડપડતા કૂટણખાનામાં ભાગદોડનો માહોલ ઉભો થયો હતો. આ કૂટણખાનામાં વિદેશી યુવતીઓ સહિત સંચાલક અને શોપ માલિકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ કૂટણખાનામાં કામ કરતી થાઈલેન્ડથી આવેલી ચાર યુવતીઓ સામે ડિપોર્ટની કાર્યવાહી કરશે. સુરત પીપલોદમાં આવેલા એકજાણીતા મોલમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાનાનો પોલીસે પર્દાફાશ કર્યોહતો. જ્યાંથી ૪ થાઈલેન્ડની અને ૧ ઈન્ડિયન લલનાને મુકત કરાવાઈ હતી. પોલીસે સ્પા સંચાલક, મેનેજર અને બે ગ્રાહકોની ધરપકડ કરાઈ છે, અને ૪૬ હજારનો મુદ્દામાલ જમ કર્યો હતો. પોલીસને અહીં ટૂરિસ્ટ વિઝા પર સ્પામાં થેરાપિસ્ટ તરીકે કામ કરતી લલનાઓ ગ્રાહકોને મસાજની આડમાં મજા કરાવતી હતી. લલનાઓ સાથે રંગરેલિયા મનાવતા ગ્રાહકો રંગેહાથે પોલીસના હાથમાં ઝડપાયા હતા. મળતી માહિતી પ્રમાણે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ પીઆઈ જી.એ પટેલના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગમાં હતી ત્યારે જમાદાર ધનશ્યામસિંહ સિસોદિયાને બાતમી મળી હતી કે પીપલોદના એક મોલના બીજા માળે આવેલા સ્પર્શ સ્પામાં મસાજની આડમાં દેહવિક્રયનોવેપલો ચાલી રહ્યો છે. જે માહિતીને આધારે પોલીસેઅહીં ડમી ગ્રાહક મોકલી સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસને સ્પામાંથી ૫ કોન્ડોમ પણ મળી આવ્યા હતા. પોલીસેસ્પા સંચાલક પ્રજ્ઞેશ કંથારીયા, મેનેજર અને બે ગ્રાહકની ધરપકડ કરી હતી. સાથોસાથ લલનાઓ પુરી પાડી દલાલની ભૂમિકા ભજવનારા વિજય પાટીલ અને ઝૂન નામની વિદેશી પાટીલ અને ઝૂન નામની વિદેશી યુવતીને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે રોકડ રકમ અને મોબાઈલ મળી ૪૬ હજારનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

મેરેજમાં આગ લાગી છતાં લોકો ભોજનની મજા લેતા રહ્યા

થાણા તા.૩૦

સોશિયલ મીડિયા ઉપર હાલ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં જોવા મળે છે કે એક મેરેજ હોલના મંડપમાં ભીષણ આગ લાગી પરંતુ તેનો કોઈ જ ફરક ત્યાં હાજર લોકો પર ન પડ્યો. તેઓ તો પાછળ આગ ફાટી નીકળી પણ મોજથી ભોજનનો આનંદ માણતા રહ્યા. કહેવાય છે કે આ વીડિયો મહારાષ્ટ્રના થાણાનો છે. રવિવારે મોડી રાતે થાણાના અન્સારી મેરેજ હોલમાં આગ લાગી ગઈ. આગના કારણે મેરેજ હોલને ખુબ નુકસાન થયું. જો કે રાહતની વાત એ છે કે આ અકસ્માતમાં કોઈના ઘાયલ થવાના કે મોતના અહેવાલ નથી. જ્યારે મેરેજ હોલમાં આગ લાગી ત્યારે ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. વાયરલ વીડીયોમાં જોવા મળી રહ્યું છે કે મેરેજ હોલમાં ભયાનક આગ લાગવા છતાં ત્યાં હાજર લોકો ખાવાનું ખાતા રહ્યા. મોટાભાગના લોકો એ જ ઈચ્છતા હતા કે આગ વધુ ફેલાય તે પહેલા ખાવાનું ખાઈને ત્યાંથી ભાગી જાય. સોશિયલ મીડિયા ઉપર આ યૂઝર્સ હવે લોકોની ટીકાનો ભોગ બની રહ્યા છે. તેમનું કહેવું છે કે લોકો આટલા અસંવેદનશીલ કેવી રીતે હોઈ શકે? મેરેજ હોલની આગ એટલી ભીષણ હતી કે ગણતરીની પળોમાં આખો મંડપ બળીને ખાખ થઈ ગયો. આ દરમ્યાન કોઈએ ગમે તેમ કરીને દુલ્હા અને દુલ્હનને બચાવી લીધા. સમયસર લોકોને ત્યાંથી ખસેડી પણ લેવાયા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું કે મેરેજ હોલમાં લાગેલી આગ બુઝાવતા ખુબ મહેનત લાગી. ફાયર બ્રિગેડની ૬ ગાડીઓ આગ બુઝાવવામાં કામે લાગી. આગ બુઝાવવામાં લગભગ ૩ કલાકનો સમય લાગ્યો જોકે હજુ સુધી એ ખબર નથી પડી કે આગ કયા કારણે લાગી? તેમણે વધુમાં કહ્યું કે મેરેજ હોલમાં લાગેલી આગના મામલે તપાસ શરૂ કરી દેવાઈ છે.

ધો.૧૧ વિજ્ઞાનમાં પ્રવેશ મેળવનાર બેઝીક ગણીત વાળા છાત્રોની ડિસેમ્બરમાં પરીક્ષા લેવાશે

ગાંધીનગર તા.૩૦

સીબીએસઈમાંથી ધો.૧૦માં ગણીત બેઝીક સાથે પરીક્ષા પાસ કરી હોવા છતાં અનેક વિદ્યાર્થીઓએ રાજયમાં ધો.૧૧ સાયન્સમાં એ ગ્રુપમાં પ્રવેશ મેળવ્યો હતો. સ્કુલોએ આવા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા હોય હવે બોર્ડ દ્વારા આવા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો નિર્ણય લીધો છે. આ વિદ્યાર્થીની પરીક્ષા ડિસેમ્બરનાં ત્રીજા સપ્તાહમાં લેવામાં આવશે. પરીક્ષામાં પાસ થનારા વિદ્યાર્થીઓનો જ પ્રવેશ માન્ય રાખવામાં આવશે તેમ પણ બોર્ડ દ્વારા જુલાઈ ૨૦૨૧માં લેવામાં આવેલ પરીક્ષામાં પરીરૂપ પ્રમાણે આ પરીક્ષાનું આયોજન કરાવામાં આવનાર છે.

ખંભાળિયામાં વીજશોક લાગતા પરપ્રાંતીય શ્રમિકનું અપમૃત્યું

ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા તાલુકાના જૂની ફોટ ગામે રહેતા અને એક વાડીએ મજૂરીકામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની પ્રેમસિંગ માનસિંગમાવી નામના ૨૭ વર્ષના યુવાનને પંખાની પિન કાઢવા જતાં તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે તેમનું કરૂણ મૃત્યું નિપજયું હતું. આ બનાવની જાણ તેમના સાથી મુકેશભાઈ જુવાનભાઈ માવીએ અહીં પોલીસને કરી છે.

છાતીમાં દુઃખાવો ઉપડ્યા બાદ ખંભાળિયાના યુવાનનું મૃત્યું

ખંભાળિયા તાલુકાના કાકાભાઈ સિંહણ ગામે રહેતા પ્રવિણભાઈ બેચરભાઈ વારસાકિયા નામના ૨૯ વર્ષના યુવાનને ગઈકાલે સોમવારે છાતીમાં દુઃખાવો ઉપડતા તેમને અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ ઉપરના તબીબોએ તેમને મૃત્યું પામેલા જાહેર કર્યા હતા. આ બનાવની જાણ મૃતકના મોટાભાઈ અરવિંદભાઈ બેચરભાઈ વારસાકિયાએ અહીની પોલીસને કરી છે.

જૂનાગઢ તાલુકાનાં ઈવનગર ગામે એકલતાનો લાભ લઈ છેડતી કર્યાની ફરીયાદ

જૂનાગઢ તા. ૩૦ : જૂનાગઢ તાલુકાનાં ઈવનગર ગામે એક પરીવારની પુત્રીની એકલતાનો લાભ લઈ છેડતી કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. ઈવનગર ગામનાં ડાયાભાઈ મુળુભાઈ જાદવ વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં ફરીયાદીએ જણાવેલ છે કે, ફરીયાદીની દિકરીએ પોતાના કપડા આ કામના આરોપીની દિકરીને પહેરવા માટે આપેલ હોય તે કપડા આરોપીનાં ઘરે લેવા ગયેલ તે દરમ્યાન આ કામનો આરોપી પોતાના ઘરે એકલો હાજર હતો અને તેણીની એકલતાનો લાભ લઈ ફરીયાદીની દિકરીને બથ ભરી કિસ કરી છેડછાડ કરી તેમજ ટીશર્ટ ફાડી નાખી નિર્લજજ હુમલો કરેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપતા આ અંગે ડાયાભાઈ મુળુભાઈ જાદવ વિરૂધ્ધ ભોગ બનનારનાં પિતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૫૦૬ (૨), પોકસો એકટ કલમ ૮/૧૨ અંતર્ગત ગુનો દાખલ કરેલછે અને વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાં પ્રોબેશનલ પીએસઆઈ ગોહિલ ચલાવી રહયા છે.

શાળાનાં કર્મીઓની રસીકરણની વિગતો ગુગલ ટ્રેકરથી ચકાસાશે

ગાંધીનગર તા.૩૦

રાજયમાં કોરોના વેકસીનને વેગ મળે તે માટે તમામ સ્કૂલોનાં શૈક્ષીણક અને બીન શૈક્ષણીક કર્મચારીનું ૧૦૦ ટકા વેકસીન કરવાનું સૂચના આપી છે. જે કર્મચારીએ વેકસીન લીધી હોય તેનું સ્ટેટસ ગુગલ ટ્રેકર લીંક ઉપર મુકવા માટે પણ જણાવ્યું છે. જેથી રાજયનાં કેટલાક કર્મચારીઓની વેકસીન હજુ બાકી છે તે જાણી શકાશે. ઉપરાંત દર સપ્તાહે આ માહિત અપડેટ કરવા માટે પણ સૂચના અપાઈ છે. આમ તમામ શાળાનાં કર્મચારીઓ રસીકરણ લઈ તે માટેનાં પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

રાત્રે વધુ પડતો દારૂ પીવાથી ઉંઘ-સપનાની અસર થાય છે

નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, જ્યારે લોકો દારૂ પીવાનું બંધ કરે છે, ત્યારે લોહીમાં આલ્કોહોલનું સ્તર ઘટે છે

નવી દિલ્હી તા.૩૦

ઘણા લોકો માને છે કે જ્યારે તમને રાત્રે ઊંઘ આવતી નથી, ત્યારે દારૂ પીવો જોઈએ, જેનાથી તમને ઊંઘ આવે છે. ઘણા લોકો એવો દાવો પણ કરે છે કે તેઓ દારૂ પીધા પછી જ શાંતિથી સૂઈ શકે છે. પરંતુ આ દાવાઓ કેટલા સાચા છે. શું ખરેખર આલ્કોહોલ અને સારી ઊંઘ વચ્ચે સીધો સંબંધ છે ? તાજેતરમાં કેટલાક નિષ્ણાંતોએ આ વાતનો ખુલાસો કર્યો છે જે એકદમ આઘાતજનક છે. તેમના મતે આલ્કોહોલ અને ઊંઘનો સંબંધ તો છે પરંતુ તે સારો નથી હોતો. નશામાં ધૂત વ્યક્તિના સપના એકદમ અલગ અને વિચિત્ર હોય છે. મૈટ્રેસ કંપની ઓટીના સ્લીપ નિષ્ણાંતોએ દારૂ પીનારાઓ સાથે સંબંધિત દાવો કર્યો છે જે કોઈને પણ જાણીને આશ્ચર્ય થઈ શકે છે. ધ સન વેબસાઈટ સાથે વાત કરતાં નિષ્ણાંતો જણાવ્યું હતું કે જ્યારે લોકો રાત્રે વધુ પડતો આલ્કોહોલ પીવે છે, ત્યારે તેમને શાંતિની ઊંઘ નથી આવતી. તમારા ઊંઘની ગુણવત્તા ઘણી ખરાબ હોય છે. નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે જ્યારે લોકો દારૂ પીવાનું બંધ કરે છે, ત્યારે લોહીમાં આલ્કોહોલનું સ્તર (બ્લડ આલ્કોહોલ લેવલ) ઘટે છે. આ તમારી ઊંઘને કાચી બનાવે છે અને થોડી હલનચલનથી પણ ઊંઘ ખુલી શકે છે. પરંતુ જેવી વ્યક્તિ ઊંઘના એ તબક્કે પહોંચે છે જેમાં સપના આવવા લાગે છે, તેમ જ તે જાગ્યા પછી પણ તેના સપના યાદ રાખી શકે છે. ઊંઘના નિષ્ણાંતોના મતે, તમને આ ક્ષણ પછી સૂવા અને ઊઠવા વચ્ચેના સપના ચોક્કસપણે યાદ રહે છે. તેઓએ જણાવ્યું કે બીજી તરફ જ્યારે શરીરમાં આલ્કોહોલનું પ્રમાણ વધારે હશે ત્યારે ઊંઘ ઓછી આવશે, સપના યાદ નહીં આવે અને ડરામણા સ્વપ્નો વધુ આવશે. દારૂ પીધા પછી મન તેની આસપાસથી એક સરખી જ વસ્તુઓ જોશે અને તેને મેમરીમાં ફીડ કરશે, પરંતુ નશાને કારણે તે ધૂંધળા થઈ જશે, તેથી સપના પણ એ જ રીતે આવશે. નિષ્ણાતોએ એમ પણ કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ ભાવનાત્મક ડ્રિંકર હોય. એટલે કે વધતી જતી પીડાને કાબૂમાં રાખવા માટે દારૂ પીતા હોય તો પીવાથી સ્વપ્નમાં તેની પીડાને કારણે વધુ વિસ્તૃત અને ડરામણું સ્વરૂપ ધારણ કરી શકાય છે.

મુખ્યમંત્રી રાહતનિધિમાંથી

માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ પ્રત્યેક મૃતકોનાં વારસદારને રૂા.૪ લાખની સહાય

ગિરનારની પરીક્રમા કરવા આવેલ ખંભાતના પરીવારને અકસ્માત નડયો હતો

જૂનાગઢ, તા.૩૦

ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કરી જૂનાગઢથી પરતફરી રહેલા ખંભાતના પરિવારને નડેલા માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓને રૂા. ૪ લાખની સહાય મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આપવાનો નિર્ણય કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વંચિત પીડિત, દરિદ્રનારાયણ પ્રત્યેની પોતાની આગવી સહાનુભૂતિ સંવેદના ખંભાતના ભીલ આદિવાસી પરિવારને મુખ્યમંત્રી રાહત નિધિમાંથી સહાય આપીને પ્રગટ કરી છે.

ખંભાતનો આ પરિવાર તાજેતરમાં ગીરનારની લીલી પરિક્રમા કરી પરત ફરી રહ્યો હતો ત્યારે વટામણ ચોકડી પાસે તેમના થયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ચાર વ્યક્તિઓના દુઃખદ નિધન થયા હતા. આ ઉપરાંત તેમની સાથેના અન્ય એક વ્યક્તિનું પણ મૃત્યુ નિપજ્યું હતું.

આ દર્દનાક ઘટનાથી મૃત્યુ પામેલા પરિવાર અને અનાથ-નિરાધાર બની ગયેલા બે બાળકોની પડખે આ વિપદામાં ઉભા રહિ રાજય સરકાર તરફથી સહાય કરવા ખંભાતના ધારાસભ્ય મયુરભાઈ રાવલે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગે સહાનુભૂતિ અને સંવેદના દર્શાવતા આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા પ્રત્યેક મૃતકોના વારસદારને રૂા.૪ લાખની સહાય મુખ્યમંત્રી રાહત નિધિમાંથી તાત્કાલિક આપવાનો નિર્ણય કર્યો છે.

જૂનાગઢમાં કોવિડ-૧૯ રસીકરણ બીજા ડોઝની કામગીરી ૯૧% પૂર્ણ કરાઈ

રસીકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગી તબિબોને કલેકટર દ્વારા સન્માનિત કરાયા

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ જિલ્લામાં કોવિડ-૧૯ રસીકરણની પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. સેકન્ડ ડોઝની કામગીરી પણ ૧૦૦ ટકા પૂર્ણ કરવા સતત પ્રયાસો કરવામાં આવી રહયા છે. આરોગ્ય અને જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસોથી જૂનાગઢ જલ્લામાં બીજા ડોઝની કામગીરી પણ ૯૧ ટકા પૂર્ણ થઈ ચુકી છે. ગ્રામ્ય વિસ્તારોમાં કોવિડ રસીકરણ ને ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે રસીકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગી તબિબોને જિલ્લા કલેકટર દ્વારા સન્માનીત કરવામાં આવ્યા છે.

જૂનાગઢ જિલ્લામાં કોવિડ-૧૯ વેક્સીનની પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગઈ છે. હાલમાં બીજા ડોઝની કામગીરી પણ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. કોરોના વાયરસ હજુ સંપૂર્ણ નાબૂદ થયો નથી. ત્યારે લોકોને લાખાણી કોરોનાથી રક્ષણ માટે રસીકરણના બન્ને ડોઝ સમગ્ર જિલ્લામાં જન જન લે એ માટે જિલ્લા કલેક્ટર ડો.રચિત રાજના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

કોવિડ રસીકરણની મેંદરડા તાલુકામાં બીજા ડોઝની ૯૪.૦૪ ટકા કામગીરી માટે મેંદરડાના તાલુકા હેલ્થ ઓફિસર ડો. એચ.કે તથા માંગરોળ ડો.ડી.કે.વાછાણી, કંકાણાના તાલુકામાં ૯૦.૦૭ ટકા કામગીરી માટે માંગરોલ તાલુકા હેલ્થ ઓફીસર ડો.એન.જી.ડાભીને જિલ્લા કલેકટર રચિત રાજ દ્વારા સન્માનિત કરાયા હતા.

ઉપરાંત કોવીડ વેકસીનેશન બીજા ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા બદલ અમરાપુરના મેડીકલ ઓફિસર ડો.વૈશાલી ખેર, બાલાગામના મેડીકલ ઓફિસર મેડીકલ ઓફિસર ડો.જે.એ.ગરીબા, ગડુના ડો. ઉર્મિલા વાઢેર, ખોરાસાના ડો.ડી.બી.વાઢેરને કલેક્ટર દ્વારા પ્રસંશનીય કામગીરી માટે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ચંદ્રેશ મહેતા, પ્રાંત અધિકારી અંકીત પન્નુ, હનુલ ચૌધરી સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

ગુજરાત માધ્યમિક બોર્ડના ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને પરીક્ષામાં થતો અન્યાય નિવારવાની માંગણી

જૂનાગઢના અગ્રણી નિવૃત પ્રાધ્યપક પી.બી. ઉનડકટે શિક્ષણમંત્રીને વિસ્તૃત રજૂઆત સાથે પાઠવેલ પત્ર

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢની નામાકિત કોલેજમાં ઘણા વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાવાન પ્રાધ્યાપક તરીકે સેવા આપી અને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને શિક્ષણ મળી રહે તેવી કાયમને માટે ચિંતા કરનારા નિવૃત પ્રાધ્યપક પી.બી. ઉન્નડકટે ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીને એક વિસ્તૃત પત્ર પાઠવી અને ગુજરાત માધ્યમિક બોર્ડના ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને પરીક્ષામાં થતો અન્યાય નિવારવાની માંગણી કરવામાં આવી છે. આ પત્રમાં વધુમાં તેઓએ રજૂઆત કરતા જણાવેલ છે કે, હાલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધો.૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે તે મુજબ ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષામાં ૧૦૦ ટકા અભ્યાસ રહેશે. પરીક્ષા વર્ષના અંતે એક વખત સળંગ લેવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને બે પેપર વચ્ચે રજાનો લાભ મળતો નથી. તેની સામે સીબીએસસી બોર્ડમાં ભણતા વિદ્યાર્થીઓને સેન્ટ્રલ બોર્ડે ૭૦ ટકા અભ્યાસક્રમ કરી આપ્યો છે અને પરીક્ષા પણ સેમેસ્ટર મેથડથી એટલેકે બે ટૂકડે લેવાશે. આ ઉપરાંત તેઓને ટાઈમ ટેબલમાં ફિઝિકસ, મેથ્સ, કેમેસ્ટ્રી જેવા સાયન્સના અઘરા અનેમહત્વના પેપરો વચ્ચેપાંચથી છ દિવસોજેટલો ગેપ આપવામાં આવે છે જેથી તેઓ પરીક્ષામાં સારૂ પરફોર્મન્સ કરી શકે છે. જયારે એન્જિનિયરિંગ એડમિશન લીસ્ટ ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડનું કોમન બને છે તેથી ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને ભારે અન્યાય થાય છે. જો બંને બોર્ડના વિદ્યાર્થીઓ માટે કોમન મેરીટ લીસ્ટ હોય તો બંને બોર્ડના અભ્યાસક્રમ, પરીક્ષા પધ્ધતિ અને સમયપત્રક સમાન હોવા જોઈએ. કદાચ પરીક્ષા પધ્ધતિ અને અભ્યાસક્રમ વિસ્તારમાં હવે ફેરફાર શક્ય ન હોય તો પણ અઘરા વિષયોના પેપરમાં સેન્ટ્રલ બોર્ડની માફક ગેપ તો આસાનીથી આપી શકાશે. શકય એટલો અન્યાય દુર કરવા સર્વે વિદ્યાર્થીઓના વાલીઓ વતી વિનંતિ કરૂં છું. પ્રજા વત્સલ સરકાર ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને થતો આ અન્યાય દુર કરવા યોગ્ય કાર્યવાહી કરશે જ એવી અમોને આપની પાસેથી અપેક્ષા અને શ્રધ્ધા છે. તેમ પત્રના અંતો પ્રો.પી.બી. ઉન્નડકટે જણાવેલ છે.

જૂનાગઢ જીલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય પેટા ચૂંટણીનો તબક્કાવાર કાર્યક્રમ જાહેર

ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૪ ડિસેમ્બર

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ જિલ્લાની ૪૩૨ ગ્રામ પંચાયતની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની ચૂંટણીનો તબક્કાવાર કાર્યક્રમ જાહેર કરાયો છે. જે અન્વયે ડિસેમ્બર મહિનામાં જૂનાગઢ જિલ્લાની ૪૩૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. આ કાર્યક્રમ મુજબ ચૂંટણીની નોટીસ/જાહેરનામા પ્રસિધ્ધ થવાની તારીખ તા.૨૯/૧૧/૨૦૨૧, ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તા.૪/૧૨/૨૦૨૧, ઉમેદવારી પત્રો ચકાસણી કરવાની તા.૬/૧૨/૨૦૨૧, ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તા.૭/૧૨/૨૦૨૧, મતદાનની તારીખ તથા સમય ૧૯/૧૨/૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી રહેશે. પુર્નઃ મતદાનની તારીખ (જરૂર જણાય તો) તા.૨૦/૧૨/૨૦૨૧, મતગણતરીની તારીખ. ૨૧/૧૨/૨૦૨૧, ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તારીખ.૨૪/૧૨/૨૦૨૧ રહેશે.

જેસીઆઈ જૂનાગઢ મહિલા સીટી દ્વારા ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો

જૂનાગઢ, તા.૩૦

જેસીઆઈ જૂનાગઢ મહિલા સીટી દ્વારા તા.૨૮/૧૧/૨૦૨૧ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી મેગા ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ (દાંતનો ફ્રી નિદાન કેમ્પ) નું આયોજન ડેન્ટલ કેર, ૫૯/૬૦, પ્રિઝમ કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ મુકામે કરેલ હતું. આ ડેન્ટલ ચેકઅપ કેમ્પમાં ડેન્ટલ કેરના ત્રણ ડોકટરની ટીમ ડો. ભુમી સુવાગિયા, ડો. દિશા પંડ્યા અને ડો.માનસી દેસાઈ દ્વારા કેમ્પમાં આવેલ લગભગ વીસેક દર્દીઓનું નિદાન કરી અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જેસીઆઈ જૂનાગઢ પરિવારના અરવિંદભાઈ સોની, જયદીપ ધોળકીયા, જયશ્રી વેકરીયા, શિલ્પા મકવાણા, જીજ્ઞા લોઢીયા, સંગીતા સાવલિયા, જાગૃતિ પરમાર, કાજલ ચાવડા તેમજ જ્યોત્સના હીરપરાએ હાજર રહી જહેમત ઉઠાવી હતી. વધુમાં આ કાર્યક્રમમાં જેસીઆઈ જૂનાગઢના ચેતન સાવલિયા, પાર્થ પરમાર, મનીષ લોઢીયા અને કૌસ્તુભ સાવલિયા પણ હાજર રહ્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિવિધ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ રમત ગમતના મેદાન બાબતે આવેદન પત્ર આપ્યું

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિવિધ મહાવિદ્યાલયના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટીના અધિકારીઓને યુનિવર્સિટીના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓની સલામતીને ધ્યાને લઈ રમત–ગમતના મેદાનમાં કેમ્પસ બહારથી રનીંગ, કસરત તથા વોકીંગ માટે આવતા લોકો માટે પ્રતિબંધ મુકવા માટે આવેદન પત્ર આપ્યું હતું. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, તેઓ સાંજના ૬:૦૦ વાગ્યા બાદ જ શૈક્ષણિક કાર્યમાંથી મુકત થઈ રમવા માટે મેદાનમાં આવી શકતા હોઈ છે. પરંતુ આ સમય દરમ્યાન કેમ્પસ બહારના લોકો પણ આવતા હોઈ છે, જેના કારણે અમુક અસામાજિક તત્વો વિવિધ મહાવિદ્યાલયના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીને મેદાનમાં નહી રમવા માટે ધમકાવે તેમજ ગેરવર્તુણુક કરે છે, જે ખૂબ જ ગંભીર બાબત છે. વધુમાં જણાવ્યું કે આ મેદાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિવિધ મહાવિદ્યાલયના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ માટે જ તેમની જીમખાના ફી માંથી શૈક્ષણિક હેતુ તેમજ શારીરિક, માનસિક ફીટ રહે તે હેતુથી વિકસાવવામાં આવેલ હોઈ, કેમ્પસ બહારના લોકો પર મેદાનમાં પ્રવેશવા ઉપર તાત્કાલિક પ્રતિબંધ લગાડવામાં આવે તેવી માંગણી કરી છે. જોકે કેમ્પસ બહારના લોકોને મેદાનમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ લગાડવામાં નહિ આવે તો ભવિષ્યમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ આપી હતી.

જૂનાગઢ ખાતે પાર્વતીબેન કાનજીભાઈ ચૌહાણ (લંડન) દ્વારા નેત્રયજ્ઞ યોજાયો

૪૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે વિરનગર લઈ જવાયા

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ ખાતે તા. ૨૭/૧૧/૨૦૨૧ના રોજ ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ તથા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેના દાતા ગોવા પાર્વતીબેન કાનજીભાઈ ચૌહાણ લેસ્ટર યુ.કે.ના આર્થિક સહયોગથી શિવાનંદ મિશન વિરનગરના નિષ્ણાંત આંખના સર્જન દ્વારા સેવા આપવામાં આવેલ હતી જેમાં ૪૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે વિરનગર લઈ જવાયા હતા તેમજ સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવેલ હતો જેમાં ૧૫૩ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો તેમજ ૧૦ દર્દીઓને દાંતની બત્રીસી કરાવી આપેલ હતી.

આ તકે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે, આરોગ્યલક્ષી કાળજી રાખીને આપણે આપણું તન, મનને તંદુરસ્ત રાખવા માટે જરૂરિયાત લોકોએ વિનામૂલ્યે યોજાતા કેમ્પનો લાભ લઈ સ્વસ્થ રહેવું જોઈએ. આ સર્વરોગ નિદાન કેમ્પનો તમામ ખર્ચ લંડન સ્થિત શ્રીમતી આશાબેન મહેશભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી નાગભાઈ વાળા, નાથાભાઈ શીલુ, બટુકબાપુ, અલ્પેશભાઈ પરમાર, ચુડાસમાભાઈ, કમલેશભાઈ પંડ્યા, વિશ્વજીતભાઈ, શાંતાબેન બેસએ સેવાઓ આપેલ હતી.

વર્ષ ૨૦૨૧નું આખરી ગ્રહણ

શનિવારે ખગ્રાસ સુર્યગ્રહણનો અદભુત અવકાશી નજારો

તા.૪ ડિસેમ્બરે વિશ્વમાં રોમાંચકારી અવકાશી ખગોળીય ઘટના

અમદાવાદ, તા.૩૦

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં શનિવાર તા. ૪ ડિસેમ્બરે અમુકપ્રદેશો– દેશોમાં ખગ્રાસ અને ખંડગ્રાસ ગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ. વિશ્વના વૈજ્ઞાનિકોએ માનવ કલ્યાણકારી સંશોધનો માટે પોતાનું નિયત સ્થળની પસંદગી કરી લીધી છે. આ ગ્રહણ એન્ટાર્કટીકામાં ખગ્રાસ અને દક્ષિણ આફ્રિકા, દક્ષિણ એટલાન્ટીકામાં ખંડગ્રાસ સ્વરૂપે અદભુત અલૌકિક નજારો

જોવા મળશે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમકારક છે. ભારતમાં ગ્રહણ સંબંધી વૈધાદિ નિયમો, સુતક–ભુતક વર્તમાન સમયમાં અપ્રસ્તુત, અવૈજ્ઞાનિક સાથે બોગસ છે. ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી દેશભરમાં ગ્રહણની વૈજ્ઞાનિક સમજ સાથે સદીઓ જુની ગેરમાન્યતાનું ખંડન કરી લેભાગુઓની આગાહીઓ, ફળકથનોની હોળી કરશે. સંવત ૨૦૭૮ ના કારતક વદ કૃષ્ણપક્ષ અમાસને તા. ૪ ડિસેમ્બર શનિવારના રોજ વૃશ્ચિક રાશી, જયેષ્ઠા નક્ષત્રમાં થનારૂ ખગ્રાસ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ. જયારે વિશ્વના અમુક પ્રદેશો–દેશોમાં અવકાશી ઘટના અલૌકિક જોવા મળશે. એન્ટાર્કટિકામાં ખગ્રાસ અને દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ એટલાન્ટીકામાં ખંડગ્રાસ સ્વરૂપે અદભુત જોવા મળવાનું છે. વર્ષ ૨૦૨૧નું આખરી છેલ્લું ગ્રહણ નિહાળવા વૈજ્ઞાનિકો, ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. આ ગ્રહણ ભારતમાં લોકોને જોવા મળશે નહિ. ટી.વી., ઈન્ટરનેટ માધ્યમમાંથી અદભુત નજારો જોવા મળશે. એન્ટાર્કટિકામાં જબરી તૈયારીઓ ચાલી રહી છે.

લોકપ્રિય બાલસાહિત્યકાર નટવર પટેલને દિલ્હી સાહિત્ય અકાદમીના રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરાયા

જાણિતા કવિ રમાકાન્ત રથની વિશેષ ઉપસ્થિતિમાં ભુવનેશ્વર ખાતે એવોર્ડ સમારોહ યોજાયો

કડી, તા.૩૦

બાળકોના સંસ્કારલક્ષી જીવન ઘડતર માટે ઉપયોગી પ્રેરણાદાયી બાલસાહિત્યના સર્જનકાર્યમાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપી રહેલા લોકપ્રિય બાલસાહિત્યકાર દ નટવર પટેલને દિલ્હી સાહિત્ય અકાદમીના રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરી તેમની ગૌરવપદ સાહિત્યિક સેવાઓને બિરદાવવામાં આવી છે. ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વર ખાતે તાજેતરમાં દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા એવોર્ડ સમારોહમાં ગુજરાતના બાલસાહિત્યકાર નટવર પટેલને

જાણિતા કવિ રમાકાન્ત રથની પ્રેરક ઉપસ્થિતિમાં અકાદમીના ઉપાધ્યક્ષ માધવકૌશિકે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરી તેમનું અભિવાદન કર્યું હતું. દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા બાલસાહિત્યના રાષ્ટ્રીય પુરસ્કાર માટે દેશના વિવિધ રાજ્યોની પ્રાદેશિક માતૃભાષામાં ઉત્કૃષ્ટ બાલસાહિત્યનું સર્જન કરી રહેલા બાલસાહિત્યકારોની પસંદગી કરવામાં આવી હતી. ૭૫ વર્ષની જૈફવયે બાલસાહિત્યના સર્જનમાં સક્રિય રહી સાથે સાથે શિક્ષણ અને સમાજ ઉત્કર્ષની વૈવિધ્યપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓમાં યશસ્વી યોગદાન આપી રહેલા બાલસાહિત્યકાર નટવર પટેલ ગુજરાત સાહિત્ય અકાદમી, સાહિત્ય પરિષદ ,વાર્તાનગરી કડીના સાહિત્ય વર્તુળ અને બાલસાહિત્ય અકાદમી સહિતની અનેકવિધ સાહિત્યિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. બાલસાહિત્યમા રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત થઈ સાહિત્યક્ષેત્રે ગુજરાતને ગૌરવાન્વિત કરનારા બાલસાહિત્યકાર નટવર પટેલ કડી તાલુકાના કાસ્વા ગામના વતની છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

પૃથ્વી ઉપર સંકટ આબોહવા પરિવર્તનમાં પ્રદૂષણ મુખ્ય ભૂમિકા ભજવે છે

તે એટલું સામાન્ય બની ગયું છે કે, લગભગ દરેક વ્યક્તિ એ હક્કીતને સ્વીકારે છે કે, પ્રદૂષણ સતત વધી રહ્યું છે. 'પોલ્યુશન' શબ્દનો અર્થ થાય છે કોઈ પણ વસ્તુમાં કોઈ પણ અવાંચ્છીત વિદેશી પદાર્થનું અભિવ્યક્તિ. જ્યારે આપણે પૃથ્વી ઉપરના પ્રદૂષણ વિષે વાત કરીએ છીએ, ત્યારે આપણે વિવિધ પ્રદૂષકો દ્વારા કુદરતી સંસાધનોના દૂષણનો ઉલ્લેખ કરીએ છીએ. આ બધુ મુખ્યત્વે માનવ પ્રવૃત્તિઓને કારણે થાય છે જે પર્યાવરણને એક કરતાં વધુ રીતે નુકશાન પહોંચાડે છે. તેથી, આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે. કહેવાનો અર્થ એ છે કે, પ્રદૂષણ આપણી પૃથ્વીને ભારે નુકશાન પહોંચાડી રહ્યું છે અને આપણે તેની અસરોને સમજવાની અને આ નુકશાનને અટકાવવાની જરૂર છે. પ્રદૂષણ ઉપરના આનિબંધમાં, આપણે પ્રદૂષણની અસરો શું છે અને તેને કેવી રીતે ઘટાડવું તે જોઈશું. પ્રદૂષણ જીવનની ગુણવત્તા ને અસર કરે છે તેના કરતાં વધુ લોકો કલ્પના કરી શકે છે. તે રહસ્યમય રીતે કામ કરે છે, જે કેટલીકવાર નરી આંખે જોઈ શકાતું નથી. જો કે, તે પર્યાવરણમાં ખૂબ હાજર છે. દાખલા તરીકે, તમે હવામાં હાજર કુદરતી વાયુઓને જોઈ શકતા નથી, પરંતુ તે હજી પણ ત્યાં છે. તેવી જ રીતે, જે પ્રદૂષકો હવામાં ગડબડ કરી રહ્યા છે અને કાર્બન ડાયોક્સાઈડનું સ્તર વધારી રહ્યા છે તે માનવો માટે ખૂબ જ જોખમી છે. કાર્બન ડાયોક્સાઈડનું સ્તર વધવાથી ગ્લોબલ વોર્મિંગ થશે. વધુમાં, ઔદ્યોગિક વિકાસના નામે પાણી પ્રદૂષિત થાય છે, ધાર્મિક પ્રથાઓ અને વધુને કારણે પીવાના પાણીની અછત ઊભી થશે. પાણી વિના માનવ જીવન શક્ય નથી. તદુપરાંત, જમીન ઉપર જે રીતે કચરો નાખવામાં આવે છે તે આખરે જમીનમાં જાય છે અને ઝેરી બની જાય છે. જો જમીનનું પ્રદૂષણ આ રીતે થતું રહેશે, તો આપણી પાસે પાક ઉગાડવા માટે ફળદ્રુપ જમીન નહીં હોય. તેથી, પ્રદૂષણને મૂળમાં ઘટાડવા માટે ગંભીર પગલાં લેવા જોઈએ. પ્રદૂષણની હાનિકારક અસરોને જાણ્યા પછી, વ્યક્તિએ શક્ય તેટલી વહેલી તકે પ્રદૂષણને રોકવા અથવા ઘટાડવાનું કાર્ય કરવું જોઈએ. વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે, લોકોએ વાહનોના ધુમાડાને ઘટાડવા માટે જાહેર પરિવહન અથવા કારપૂલનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે તે મુશ્કેલ હોઈ શકે છે, તહેવારો અને ઉજવણીઓમાં ફટાકડાને ટાળવાથી હવા અને ધ્વનિ પ્રદૂષણમાં પણ ઘટાડો થઈ શકે છે. સૌથી ઉપર, આપણે રિસાયક્લિંગની આદત અપનાવવી જોઈએ. વપરાયેલ તમામ પ્લાસ્ટિક સમુદ્રો અને જમીનમાં જાય છે, જે તેમને પ્રદૂષિત કરે છે. વાયુ પ્રદૂષણ માનવસર્જિત અને કુદરતી બંને કારણોથી થઈ શકે છે, જોકે આ કુદરતી કારણોનું યોગદાન ખૂબ નહિવત્ છે. વાયુ પ્રદૂષણના મુખ્ય ગુનેગાર વાયુ પ્રદૂષણના માનવસર્જિત સ્ત્રોતો છે. વાયુ પ્રદૂષણનો એકમાત્ર સૌથી હાનિકારક સ્ત્રોત માનવજાત દ્વારા અશ્મિભૂત ઈંધણનું અનિયંત્રિત બર્નિંગ છે. અશ્મિભૂત ઇંધણનો ઉપયોગ ઔદ્યોગિકીકરણ, ઉત્પાદન, પરિવહન અને ઊર્જા ઉત્પાદનની લગભગ દરેક પ્રક્રિયામાં થાય છે. ગ્રામીણ વિસ્તારોમાં, પ્રદૂષણનો મુખ્ય સ્ત્રોત પાકને અચોક્કસપણે બાળવાની પ્રથા છે. મધ્યસ્થતામાં, આ વાસ્તવમાં ખેતીમાં ઉપયોગી સાધન છે પરંતુ અનિયંત્રિત પાક બાળવાથી નોંધપાત્ર વાયુ પ્રદૂષણ થાય છે. માનવસર્જિત પ્રદૂષણનો બીજો સ્ત્રોત લશ્કરી સંસાધનો છે જેમ કે પરમાણુ શસ્ત્રાગાર અને રાસાયણિક શસ્ત્રો. તમામ પ્રકારનું પ્રદૂષણ જોખમી છે અને ગંભીર પરિણામો સાથે આવે છે. વ્યક્તિઓથી લઈને ઉદ્યોગો સુધી દરેક વ્યક્તિએ પરિવર્તન તરફ એક પગલું ભરવું જોઈએ. જેમ કે આ સમસ્યાનો સામનો કરવા માટે સંયુક્ત પ્રયાસની જરૂર છે, તેથી આપણે હવે હાથ મિલાવવું જોઈએ. તદુપરાંત, આવા માનવીય પ્રવૃતિઓને કારણે પ્રાણીઓના નિર્દોષ જીવો ગુમાવી રહ્યા છે. તેથી, આ પૃથ્વીને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે આપણે બધાએ સ્ટેન્ડ લેવું જોઈએ અને સાંભળ્યું ન હોય તેવા લોકો માટે અવાજ બનવું જોઈએ.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ
કોઈનુંય કદાપિ ખરાબ ન કરવું.

- શેક્સપિયર

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.તીર-૧૩૯૧, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીરસં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, કારતક વદ-૧૧ ઉત્પતિ એકાદશી, આનંદીયાત્રા તા.૩૦ નવેમ્બર ૨૦૨૧, મંગળવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૨૪, હસ્ત નક્ષત્ર, આયુષ્માન યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૧૬, સૂ.અ.૧૮:૦૪
આજનો દિવસ સામાન્ય છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સાંભાળવું.
વૃષભ :	ભાગીદારથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન :	નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક :	કાર્યબોજ હળવું બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ :	પુરૂષાર્થ, પણ વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા :	મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહી, પાડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા :	વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે. મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃશ્ચિક :	વ્યવસાયિક કાર્યો સફળ થાય. માનસિક ચિંતા રહે.
ધન :	નાણાંભીડ અનુભવાય. ભાઈ-ભાંડુથી લાભ થાય.
મકર :	નવિન આયોજન કરી શકશો.
કુંભ :	જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.
મીન :	સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ. મન પ્રફુલિત રહે.

જૂનાગઢની "શાન" સમા

ઐતિહાસિક ઉપરકોટની રીનોવેશનની કામગીરી ૭૫ ટકા પૂર્ણ

રૂા.૫૪ કરોડનાં ખર્ચે વિરાસતને નવા રૂપરંગ આપવાની થઈ રહી છે કામગીરી

(તસ્વીર : અશોક પોપટ)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢની શાન સમા ઐતિહાસિક ઉપરકોટની રીનોવેશનની કામગીરી ૭૫ ટકા પૂર્ણ થવામાં છે અને જો કોઈ અડચણ ન આવે તો માર્ચ સુધીમાં રીનોવેશનની કામગીરી પૂર્ણ થઈ જવાની ધારણા છે. ગીરી તળેટીમાં વસેલું જૂનાગઢ શહેર ઐતિહાસિક દ્રષ્ટિએ પણ ઘણું જ મહત્વ ધરાવે છે. હેરીટેજ શહેરમાં ઈતિહાસનાં સુવર્ણ યુગની યાદ તાજી કરાવતા અને ઐતિહાસિક મહત્વ ધરાવતા અનેક સ્થળો આવેલા છે. તે પૈકીનાં અતી મહત્વનાં સ્થળ એટલે ઉપરકોટનો સુપ્રસિધ્ધ કિલ્લો જૂનાગઢની પૂર્વ દિશાએ આવેલો કોટ તેની સ્થળ વિશિષ્ટ ઉંચાઈને લીધે ઉપરકોટ કહેવાય છે. ઉપરોકટ કિલ્લાની દીવાલની લંબાઈ ૩૦૮૦ મીટર છે. નાના-મોટા કાંગરાની સંખ્યા ૧૧૭૪ છે. જયારે બંદુક રાખવામાં મોટા કાણા ૨૨૦ અને નાના કાણા ૨૨૫ છે. દીવાલની સામાન્ય પહોળાઈ ૯ મીટર છે અને વધારેમાં વધારે ઉંચાઈ ૨૧ મીટર છે. કિલ્લામાં ચોરસ તેમજ ગોળ કોઠાની સંખ્યા ૧૩ છે. કિલ્લાનું ક્ષેત્રફળ આશરે ૨,૭૨,૫૦૦ ચોરસવાર છે. ઉપરકોટમાં આવેલ દરવાજાઓ જે તે સમયની કલાનો પરિચય આપે છે. આ ઉપરાંત ઉપરકોટનાં હાલનાં પ્રવેશ દ્વારમાં દાખલ થયા બાદ આવતું કલાત્મક તોરણ કલાની દ્રષ્ટિએ નોંધપાત્ર છે. આ થઈ ઉપરકોટની વિરાસતની વાત ઉપરકોટનાં આ સુપ્રસિધ્ધ કિલ્લામાં પ્રવેશતા જ રાજાશાહી યુગ અને નવાબી શાસન કાળની યાદ તાજી થાય છે. રાણકદેવી, રા'ખેંગાર, રા'નવઘણ સહિતનાં પરાક્રમી રાજાઓનો સુવર્ણ યુગ આપણી સમક્ષ તરવરી ઉઠે છે. ઘણા વર્ષો થયા અચલ, અડીખમ અને અણનામ ઉભેલા આ ઐતિહાસિક વિરાસતને તેનાં મુળ સ્વરૂપે લઈ આવવાનાં ભગીરથ પ્રયાસો ચાલી રહ્યા છે. ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ પૂર્વ પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં આવેલા પ્રવાસન સ્થળોને વિકસાવવા માટેનો અકે તબક્કો શરૂ થયો હતો અને જૂનાગઢની શાન સમા ઉપરકોટ માટે જેતે વખતે રૂા.૪૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ અને રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે તે વખતે ખાત મુર્હુત કરાયા બાદ ઉપરકોટને નવા રૂપરંગ આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા જે કામગીરી અપાઈ છે તેમાં કન્ઝરવેશન, રીસ્ટોરેશન એન્ડ ડેવલોપમેન્ટ ઓફ ઉપરકોટ ફોર્ટ, જૂનાગઢ ગુજરાત, આર્કીટેકટ - હેરીકોન કન્સલ્ટન્ટસ, પી.એમ.સી. - નેકટોર એન્જીનિર્યસ એન્ડ પ્રોજેકટ કન્સલ્ટન્ટસ, કોન્ટ્રાકટર - સવાની હેરીટેઝ કન્ઝરવેશન પ્રાઈવેટ લીમીટેડને વર્ક ઓર્ડર ૮-૫-૨૦૨૦નાં રોજ અપાયો છે અને સમય મર્યાદા ૧૮ મહિના આપવામાં આવી હતી. દરમ્યાન ઉપરકોટમાં રીનોવેશનની ચાલતી કામગીરી અંગે લોકો માહિતગાર થાય અને વાંચોકને સ્થિતિ જાણવા મળે તે માટે સૌરાષ્ટ્ર ભૂમિની ટીમ દ્વારા એક મુલાકાત લીધી હતી અને આ મુલાકાત દરમ્યાન જવાબદાર પ્રતિનિધિ દ્વારા મળેલી માહિતી અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર ભૂમિની ટીમને મળેલી માહિતી અનુસાર ૧૬ જુલાઈ ૨૦૨૦નાં રોજ રીનોવેશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. કોરોનાને કારણે ત્રણ માસથી વધુ કામ બંધ રહ્યું હતું બાદમાં કામગીરી શરૂ થઈ હતી. ઉપરકોટમાં આવેલા વિરાસત સમા સ્થળો કે જેમાં રાણકદેવી મહેલ, અડીકડી વાવ, નવઘણ કુવો, અનાજ ભંડોર સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. રીનોવેશન દરમ્યાન નવા કામો પણ નીકળતા બજેટ વધારવામાં આવેલ છે. પહેલા રૂા.૪૫ કરોડ ફાળવવામાં આવ્યા હતા અને વધુ દશ કરોડ મળી કુલ ૫૪ કરોડ ફાળવવામાં આવેલ છે. હાલ કાંગરા રીપેરીંગ તેમજ જુદા-જુદા કામો ચાલી રહ્યા છે. ચુનો રેતી, ગોળ, અડદની દાળ, મેથી સહિતનું મટીરીયલ અને ચુનાનો પથ્થર તેમજ પોરબંદર અને ધાંગધ્રાથી લાવવામાં આવી રહેલ છે અને કામગીરી ચાલી રહી છે. જે તે સમયે જે રીતનાં મટીરીયલ વાપરવામાં આવેલ હતું. તે જ પ્રમાણે મટીરીયલ વાપરી રીનોવેશન થઈ રહ્યું છે. ૧૨ જેટલા સુપરવાઈઝર, એન્જીનીયર સતત દેખરેખ રાખી રહ્યા છે. ૨૦૦ જેટલા કામદારો દ્વારા ડે-નાઈટ કામગીરી ચાલી રહી છે. મુખ્ય કોન્ટ્રાકટર સવાણી હેરીટેજ કન્ઝરવેશન પ્રાઈવેટ લીમીટેડનાં જવાબદાર પ્રતિનિધિનાં જણાવ્યા અનુસાર હાલ ૭૫ ટકા કામપૂર્ણ થયું છે અને આગામી માર્ચ સુધીમાં તમામ કામગીરી પૂર્ણ થઈ જશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. વધુમાં ઉપરકોટ ફરતે આવેલા કાંગરાની સમીપે અઢી કિ.મી.નો પાથ વે બનાવવામાં આવી રહ્યો છે અને સાથે પ્રવાસી જનતાને વિસામા માટે ૧૦ થી ૧૨ જેટલા ગઘીબો બનાવવામાં આવી રહ્યા છે. આમ પ્રવાસી જનતાને માટે ઐતિહાસિક વિરાસતની આખી નગરી ઉભી કરવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે અને રીનોવેશનની કામગીરી પૂર્ણ થતા જ ઉપરકોટને ચાર ચાંદ લાગી જશે તેવું લાગી રહ્યું છે.

માસ્ક, સામાજીક અંતર સહિતની જાગૃતિ જ ઓમીક્રોનનાં ખતરાથી બચાવશે



નવી દિલ્હી તા.૩૦

આપણે ત્યાં કોરોના જતો રહ્યો હોય એવો માહોલ છે અને લોકો બેફિકરાઈથી બગીચામાં ફરતાં હોય એ રીતે જાહેર સ્થળોએ મહાલી રહ્યાં છે. કોરોના ભૂતકાળની વાત હોય અને હવે ફરી કદી કોરોનાનો ક પણ સાંભળવા ના મળવાનો હોય એ રીતે લોકો વર્તી રહ્યાં છે. મોટાં શહેરોમાં મોટા ભાગનાં લોકો હજુય માસ્ક પહેરે છે પણ ગામડાંમાં તો લોકો માસ્કનો પણ ત્યાગ કરીને બિનદાસ્ત ફરી રહ્યાં છે. કોરોનાના કેસ ઘટી ગયા છે અને કોરોનાના કારણે થઈ રહેલાં મોતનો આંકડો તો સાવ ગગડી ગયો છે તેથી લોકો સાવ નિર્ભિક બની ગયાં છે. દિવાળીના તહેવારો પહેલાંથી જ આ માહોલ છે અને કેસ ઘટી રહ્યા છે તેમ તેમ લોકોની નિડરતા વધતી જ જાય છે. લોકોના મનમાંથી કોરોનાનો ડર નિકળી ગયો તેના માટે આપણી સરકારો અને રાજકીય પક્ષો પણ જવાબદાર છે. રાજકીય પક્ષો પોતાના રાજકીય ફાયદા માટે જાતજાતના અને ભાતભાતના કાર્યક્રમો કરી રહ્યા છે. રાજ્યોમાં વિધાનસભા અને લોકસભાની પેટાચૂંટણીઓ થઈ રહી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચૂંટણીઓ તો બંધ થતી જ નથી. ક્યાંક અને ક્યાંક ચૂંટણીઓ ચાલું જ હોય છે. રાજય સરકાર પણ કોરોનાને લગતાં નિયંત્રણો હળવાં કરી નાખ્યાં છે અને લોકોની ભીડ એકઠી થાય એવા કાર્યક્રમોની છૂટ આપી દેવાઈ છે. મોટા ભાગનાં રાજ્યોમાં પ્રાથમિક શાળાઓ સુધ્ધાં ખોલી દેવાઈ છે અને કોરોનાનો ડર રાજ્ય સરકારોએ પણ છોડી દીધો છે તેનો આનાથી મોટો બીજો ક્યો પુરાવો હોઈ શકે ? ટૂંકમાં આપણે ત્યાં બધા લેવલે કોરોના જતો રહ્યો એરીતેનું વર્તન જ થઈ રહ્યું છે. આ માહોલમાં કોરોનાનો 'ઓમીક્રોન' નામનો નવો વાયરસ આવ્યો છે. દક્ષિણ આફ્રિકામાં જોવા મળેલા કોરોના વાયરસના નવા વેરિયેન્ટે આખી દુનિયાને ફફડાવી નાંખી છે અને દોડતી કરી દીધી છે એમ કહીએ તો ચાલે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) એ કોરોનાના આ નવા વેરિયેન્ટને 'ઓમિક્રોન' નામ આપ્યું છે. કોરોના વાયરસને ગ્રીક આલ્ફાબેટ મુજબ નામ અપાય છે તેથી કોરોનાના પહેલા વેરિયેન્ટને આલ્ફા, બીજા વેરિયેન્ટને બીટા, ત્રીજા વેરિયેન્ટને ગામા અને ચોથા વેરિયેન્ટને ડેલ્ટા નામ આપવામાં આવ્યું હતું. સમય જતાં નવા નવા વાયરસ ઉમેરાતા ગયા અને આ શ્રેણીમાં અનેક વેરિયેન્ટ ઉમેરાતા ગયા. હવે જેના કારણે ફફડાટ છે એ કોરોના વાયરસનો ૧૫મો વેરિયેન્ટ છે. ગ્રીક આલ્ફાબેટ્સમાં પંદરમાં સ્થાને ઓમિક્રોન છે તેથી આખા વેરિયેન્ટને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા ઓમીક્રોન નામ આપવામાં આવ્યું છે. આ 'ઓમિક્રોન' વેરિયેન્ટનો પહેલો કેસ દક્ષિણ આફ્રિકામાં જોવા મળ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ પહેલી વાર ૨૪ નવેમ્બરના રોજ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને પોતાને ત્યાં નોંધાયેલા 'ઓમિક્રોન' વાયરસના કારણે તેના કેસ આવી ગયાનું કહેવાય છે. 'ઓમીક્રોન' વેરિયેન્ટનો પહેલો કેસ દક્ષિણ આફ્રિકામાં જોવા મળ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ પહેલી વાર ૨૪ નવેમ્બરના રોજ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને પોતાને ત્યાં નોંધાયેલા 'ઓમિક્રોન' વાયરસના કારણે થયેલા કોરોનાના પહેલાં કેસની જાણકારી આપી હતી. ડબલ્યુએચઓએ નવા વેરિયેન્ટની ઘાતકતાને ધ્યાને લઈને દક્ષિણ એશિયાઈ દેશોને વિશેષ સતર્કતા રાખવા માટેની સૂચના આપી પછી બધા સફાળા જાગ્યા પણ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું. વિદેશી પ્રવાસીઓના કારણે એફેલાવા માંડ્યો અનેહવે 'ઓમીક્રોન' વાયરસના યુરોપના ૧૦થી વધારે દેશોમાં ફેલાયો છે. બ્રિટનમાં પણ પહોંચી ગયો છે અને એશિયાના હોંગકોંગ સહિતના દેશોમાં પણ પહોંચી ગયો છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮ કરોડથી વધુ લોકોને કોરોનાની રસી અપાઈ

અમદાવાદ તા.૩૦

કોરોના વાયરસ સામે રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરતાં રસીકરણ અભિયાન હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮ કરોડથી વધુ લોકોને રસી અપાઈ છે. રવિવારે ૧,૪૩,૦૫૦ લોકોને રસી અપાયા પછી કુલ ૮,૦૦,૨૩,૩૦૫ ડોઝ અત્યાર સુધીમાં અપાયા છે એમાં પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૪,૫૭,૧૬,૬૨૫ અને બીજો ડોઝ લેનારની સંખ્યા ૩,૪૩,૦૬,૬૮૦ છે. રાજયમાં ૧૮ વર્ષથી ઉપરની ૪.૯૩ કરોડ જનસંખ્યાને પ્રથમ ડોઝ હેઠળ આવરી લઈ ૧૦૦ ટકા રસીકરણ માટે આરોગ્ય તંત્ર દ્વારા ડિસેમ્બર અંત સુધીનો લક્ષ્યાંક નિયત કરાયો છે. આમ તો નવેમ્બર પૂરો થતાં પહેલાં જ આ લક્ષ્યાંક સિદ્ધ કરવાનો હતો, પરંતુ નવરાત્રિ પછી દિવાળીના તહેવારોના કારણે આ લક્ષ્યાંક પૂર્ણ થઈ શક્યો નથી. રાજયમાં પ્રથમ ડોઝ હેઠળ ૯૩ ટકા વસ્તી આવરી લેવાઈ છે જ્યારે બીજા ડોઝ સાથે ૭૪ ટકા વસ્તી કોરોના સામે સલામત થઈ છે. કોરોના વાયરસનું સંક્રમણ દિવાળી પછી પણ નજીવા દરે વધ્યું હોવા છતાં સ્થિતિ હાલ નિયંત્રણમાં છે એવામાં નવા વેરિયન્ટથી ફરીથી ચિંતા વધી છે. એ સંજોગોમાં રસીકરણ અભિયાન તેજ કરવામાં આવનાર છે. અમદાવાદ સહિત રાજયભરમાં હવે આરોગ્ય તંત્ર દ્વારા રસીકરણમાં બાકી રહેલા લોકો તેમજ જેમણે પ્રથમ ડોઝ લીધો છે. બીજો ડોઝ લેવાનો સમય વિતવા છતાં નહીં લેનારાઓને શોધવા ઘરે ઘરે તપાસ કરવાની શરૂઆત કરવામાં આવી છે. 'હર ઘર દસ્તક' અભિયાન હેઠળ હવે સરકારી તંત્ર સાથે ભાજપ સંગઠન દ્વારા પણ પોતાના વોર્ડ, વિસ્તારમાં રસી નહીં લેનારાઓને શોધવાની કવાયત તેજ કરવામાં આવી છે.

નવો વેરિયન્ટ વધુ ચેપી, ઈમ્યુનિટીથી છટકી શકે છે, ડો. ગગનદીપ કાંગની ઓમિક્રોન ઉપર પ્રતિક્રિયા

(એજન્સી) તા.૩૦

કોરોના વાઇરસના નવા વેરિયન્ટથી સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ વેરિયન્ટને 'ઓમિક્રોન' નામ આપ્યું છે. તે ઝડપથી મ્યૂટેટ થાય છે અને તે જ સૌથી ચિંતાજનક બાબત છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ઝડપી મ્યૂટેશનના કારણે તે ડેલ્ટા, ડેલ્ટા પ્લસ અને અન્ય વેરિયન્ટ કરતાં વધુ ખતરનાક છે. કોરોનાની બીજી લહેરથી બોધપાઠ લઈને ભારત સરકાર પણ આ અંગે સતર્ક થઈ ગઈ છે અને એડવાઈઝરી જારી કરી છે. ચાલો કોવિડના આ નવા વેરિઅન્ટ વિશે જાણીએ. લંડન સ્થિત યુસીએલ જિનેટિક્સ ઈન્સ્ટિટ્યૂટના એક વૈજ્ઞાનિકનું કહેવું છે કે કોરોનાનું આ વેરિઅન્ટ સૌપ્રથમ ક્યાંથી આવ્યું, તે સંપૂર્ણ રીતે સ્પષ્ટ નથી. સંભવતઃ એચઆઈવી/એઈડ્સના દર્દીમાં ઈમ્યૂનો કમ્પ્રોમાઈઝ્ડ વ્યક્તિથી ક્રોનિક ઈન્ફેક્શન થયો હોઈ શકે છે. આફ્રિકાના દેશોમાં તેના કેટલાક કેસો સામે આવ્યા છે. આ વેરિઅન્ટ ૩૦ વખત મ્યૂટેટ હોય છે, જે વધુ ટેન્શનનું કારણ છે. આલ્ફા, બીટા અને ડેલ્ટા વેરિયન્ટ્સની સરખામણીમાં, તે દર્દીઓને જોખમી રીતે લઈ જાય છે. કોરોનાના નવા સ્ટ્રેનને ધ્યાનમાં રાખીને ભારત સરકારે તમામ રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. રાજ્યોને વિદેશથી આવતા તમામ પ્રવાસીઓને જીનોમ સિક્વન્સિંગ માટે કોવિડ ટેસ્ટ કરાવવા માટે કહેવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે જોખમ ધરાવતા દેશોની યાદી તૈયાર કરી છે અને ત્યાંથી આવતા મુસાફરો ઉપર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. આ દેશોમાં બ્રિટન, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, બાંગ્લાદેશ, બોત્સ્વાના, ચીન, મોરેશિયસ, ન્યુઝીલેન્ડ, ઝિમ્બાબ્વે, હોંગકોંગ અને ઈઝરાયેલ છે. જેઓ આ દેશોમાંથી ભારત આવશે તેઓએ ૧૪ દિવસ સુધી ક્વોરેન્ટાઈનમાં રહેવું પડશે અને રવાના થવાના ૪૮ કલાક પહેલા કોવિડ ટેસ્ટ રિપોર્ટ આપવો પડશે. નિષ્ણાતોનું કહેવું છે કે ડેલ્ટા વેરિઅન્ટથી તે કેટલું જોખમી છે તે જાણવા માટે તેના પર સંશોધનની જરૂર છે. હજી સુધી કોઈ પુરાવા મળ્યા નથી કે તે કોવિડ રસીને બેઅસર કરી શકે છે કે નહીં. રસીની અછતના કારણે આફ્રિકન દેશોમાં રસીકરણનો દર ઓછો છે અને આ સ્ટ્રેન ત્યાંથી આવવાની વાત કહેવાઈ રહી છે. દક્ષિણ આફ્રિકા, બોત્સ્વાના અને હોંગકોંગ, ઈઝરાયેલ અને બેલ્જિયમમાં કેટલાક કેસ જોવા મળ્યા છે. તે સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. ફાયઝર બાયોટેકે જણાવ્યું છે કે તે આગામી બે અઠવાડિયામાં આ પ્રશ્નનો જવાબ આપી શકશે. હા, યુનાઈટેડ કિંગડમે અસ્થાયી રૂપે ૬ આફ્રિકન દેશોની ફ્લાઈટ્સ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. સિંગાપોરે છેલ્લા ૧૪ દિવસથી દક્ષિણ આફ્રિકા અને અન્ય આફ્રિકન દેશોમાંથી આવતા લોકોના પ્રવેશ ઉપર કડકાઈ કરી છે. ઓસ્ટ્રેલિયાએ પણ દક્ષિણ આફ્રિકાથી આવતા લોકોના પ્રવેશ અંગેના નિયમો કડક બનાવ્યા છે. યુરોપિયન યુનિયનના ૨૭ દેશોએ આફ્રિકાના દેશોથી આવતી ફ્લાઈટ ઉપર પ્રતિબંધ લગાવી દીધો છે. આફ્રિકાથી આવતા લોકો માટે અમેરિકા અને કેનેડાએ પણ કડક નિયમો બનાવ્યા છે. ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ, વેલ્લોરના માઈક્રોબાયોલોજિસ્ટ ડો.ગગનદીપ કાંગે જણાવ્યું હતું કે નવા આંકડા દર્શાવે છે કે 'ઓમીક્રોન' વધુ ડરામણો છે. આ સ્ટ્રેન સામે રસી કેટલી અસરકારક છે તે આગામી બે અઠવાડિયા પછી જ ખબર પડશે. આફ્રિકન દેશો સિવાય આ સ્ટ્રેન હવે ધીમે ધીમે અન્ય દેશોમાં ફેલાઈ રહ્યો છે. જ્યારે ગુણદીપને પૂછવામાં આવ્યું કે શું ભારત સરકારે આંતરરાષ્ટ્રીય મુસાફરી ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ, તો તેમણે જણાવ્યું કે અત્યારે તેની જરૂરનથી અનેતે કોઈ ઉકેલ પણ નથી. વિદેશથી આવનારા લોકોનું ટ્રેકિંગ જરૂરી છે અને તેમને ક્વોરેન્ટાઈન કરવા જોઈએ. હવે આ વેરિયન્ટ સામે લડવા માટે મજબૂત પગલાં લેવાનો અને બૂસ્ટર ડોઝ આપવાનો સમય આવી ગયો છે.

શું કોવેક્સિન, કોવિશિલ્ડ ઓમિક્રોન સામે અસરકારક છે ? ICMRના નિષ્ણાંત દ્વારા કરાયેલી સ્પષ્ટતા

કોવિશિલ્ડ અને કોવેક્સિનને આપણા શરીરમાં હાજર અલગ-અલગ એન્ટિજનને ધ્યાનમાં રાખી બનાવવામાં આવી છે, જેથી તે શરીરમાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે : ICMRના ડોકટર સમિરન પાન્ડા

નવી દિલ્હી, તા.૩૦

દક્ષિણ આફ્રિકામાં કોરોનાનો નવો ઘાતક વેરિયન્ટ સામે આવતાં ખળભળાટ મચી ગયો છે, ત્યારે શું કોવેક્સિના, કોવિશિલ્ડ ઓમિક્રોન સામે અસરકારક છે? તે અંગે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના નિષ્ણાંતે સ્પષ્ટતા કરી હતી. અત્યાર સુધી આ વેરિયન્ટ અંગે પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ડોકટર સમિરન પાન્ડાએ જણાવ્યું હતું કે, એવું પણ બની શકે કે, આરએનએ રસીઓ ઓમિક્રોન સામે અસરકારક ન પણ હોઈ શકે. તેમણે જણાવ્યું હતું કે, તમામ રસીઓ આરએનએ પ્રકારની નથી. કોવિશિલ્ડ અને કોવેક્સિનનો આપણા શરીરમાં હાજર અલગ અલગ એન્ટિજનને ધ્યાનમાં રાખી બનાવવામાં આવી છે. જેથી તે શરીરમાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. ડોકટર સમિરન પાન્ડા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના રોગચાળા અને કોમ્યુનિકેબલ ડિસિઝ વિભાગના વડા છે. તેમણે કોરોનાના નવા પ્રકાર ઓમિક્રોન અંગે અત્યાર સુધી મળેલી માહિતીને આધારે આ વેરિયન્ટ અંગે સમજ આપી હતી અને કોરોના સામેની રસી આ પ્રકાર સામે કેવી અસર કરી શકે છે, તે અંગે માહિતી ઉપલબ્ધ કરાવી હતી. કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોનએ પણ દુનિયાભરના દેશોની ચિંતા વધારી દીધી છે ત્યારે ડોકટર પાન્ડા દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, વિશ્વભરને હચમચાવી નાખનાર કોરોના વાયરસના નવા વેરિયન્ટ 'આમિક્રોન'નેકારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્દેશ કર્યો હતો કે, આંતરરાષ્ટ્રીય વિમાનો શરૂ કરવાના નિર્ણય અંગે સમીક્ષા કરવામાં આવે, કેમ કે, આ અગાઉ ઘોષણા કરવામાં આવી હતી કે, ડિસેમ્બરના મધ્ય ભાગથી તમામ આંતરરાષ્ટ્રીય વિમાની સેવાઓ શરૂ કરી દેવામાં આવશે. જો કે ગઈકાલે દક્ષિણ આફ્રિકામાં કોરોના વાયરસનો નવો વેરિયન્ટ મળી આવ્યો હતો. જે ખૂબ જ ઘાતક હોવાનું અને તેની ઉપર રસી પણ અસર નહીં કરતી હોવાનું જણાવવામાં આવ્યું હતું. કોરોનાનો નવો ઘાતક વેરિયન્ટ સામે આવતાં મોદી દ્વારા સાવચેતીના પગલાં માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હતી. દેશમાં કોરોનાની સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

'અદ્ભુત માતા' બુશરા બાનુની એક નવી સિદ્ધિ, લગ્નના ૧૩ વર્ષ પછી IPS બન્યા

(એજન્સી) તા.૩૦

ભારતના સૌથી વધુ પ્રેરણાસ્ત્રોત પુત્રીઓમાંથી એક બુશરા અરશદ બાનુએ વધુ એક અદ્ભુત સિદ્ધિ મેળવી લીધી છે. તાજેતરમાં સિવિલ સર્વિસ (નાગરિક સેવા)ની બેઠક ફાળવણી પછી હવે બુશરા અરશદનું આઈપીએસ બનવું નક્કી છે. બે બાળકોની માતા બુશરા ૧૩ વર્ષ પછી પોતાના શિક્ષણને ફરીથી શરૂ કરીને ૪ મોટી શસ્ત્રક્રિયાનો ભાર ઉપાડીને ત્રણ વખત સિવિલ સર્વિસ પરીક્ષા ક્રેક કરી ચૂકી છે. વાતચીતમાં બુશરા અરશદ હવે આઈપીએસની ફાળવણી થવા ઉપર ખુશી વ્યક્ત કરતા કહે છે કે આ વખતે તો તેઓ આઈપીએસમાં જ જોડાશે. આ જ તેમનો હેતુ છે. આ પહેલા પણ બુશરા અરશદ આઈઆરએસ ચૂંટાઈને આવી છે. તેઓ યુપીપીસીએસમાં ટોચ ક્રમાંક ધરાવનાર છે. ત્યારે તેમને છઠ્ઠો રેન્ક કળ્યો હતો. બુશરા અરશદ હાલમાં ફિરોઝાબાદમાં એસડીઆરના સભય તરીકે તૈનાત છે. ૨૦૧૮માં તેમને ૨૭૭માં ક્રમ મળ્યો હતો. ૨૦૨૦માં ૨૩૪ ગુણ મેળવીને તેઓ આઈપીએસ બની ગયા હતા. એકવાર ફરીથી કન્નૌજની આ યુવતી બુશરા અરશદની ખુલ્લા દિલ સાથે પ્રશંસા થઈ રહી છે. સૌરિખ ગામની આ યુવતી યુપીપીસીએસ ૨૦૧૭માં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) બનનારી એકમાત્ર મુસ્લિમ ઉમેદવાર હતા. ત્યારે આઈઆરએસ માટે તેમની પસંદગી કરવામાં આવી હતી. જેનાથી તેઓ સંતુષ્ટ નહોતા. આ વખતે તેઓએ ફરીથી સિવિલ સર્વિસમાં સફળતા મેળવી લીધી. તેમને ૨૩૪મો રેન્ક મળ્યો છે. હાલમાં જ યોજાયેલી બેઠક ફાળવણીમાં તેમને આઈપીએસ મળ્યું છે. બુશરા સંતુષ્ટ નહોતી. કારણ કે તેમને ખૂબ જ ઉત્સાહ હતો. બુશરા કન્નૌજના સૌરિખ ગામની યુવતી છે. જેણે કોચિંગ વગર પરિણીત હોવા છતાં નોકરી કરીને ચાર વખત શસ્ત્રક્રિયાના દર્દને સહન કરીને દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષામાં પોતાના ધ્વજ ગાડી દીધા. તોપછી તેમના માટે બીજું શું અશકય હોઈ શકે! બુશરા ખુશી સાથે કહે છે કે એવું થઈ શકે છે કે આ તમામ વસ્તુઓ માટે અલગ અલગ ઉદાહરણ હોઈ શકે છે પરંતુ આ તમામ ઉદાહરણ મારી અંદર વેલ એડજસ્ટ થઈ ગયા તેથી મારી જીદ વધી ગઈ હતી.

બુશરાના પિતા ખેડૂત છે અને માતા ગૃહિણી છે. એક ભાઈ અને બહેન પણ સારૂં ભણેલા છે. બંને માતા-પિતા સ્નાતક છે. પરંતુ બુશરા નિશ્ચિતપણે તેમની માતા શમાના શબ્દોમાં 'અસાધારણ' યુવતી છે. બુશરાએ ૧૭ વર્ષની ઉંમરમાં સ્નાતક કર્યું હતું. ૨૦ વર્ષની ઉંમર થતાં પહેલા તેમણે એમબીએની ડિગ્રી હાંસલ કરી લીધી. ૧૨માં ધોરણ સુધીનું ભણતર કન્નૌજથી પૂર્ણ કર્યું અને સ્નાતક બનવા માટે તેઓ કાનપુર જતા રહ્યા. બુશરા જણાવે કે યુપીએસસીની પરીક્ષા તો તેત્યારે જ આપવા માંગતી હતી પરંતુ વયના હિસાબથી તે પાત્ર નહોતી. બુશરાની માતા અનુસાર તેણીને ૪.૫ વર્ષની ઉંમરે પ્રત્યક્ષ બીજી કક્ષામાં પ્રવેશ મળ્યો. તેઓ કહેછે કેએટલું બધું શીખી ગઈ કેક્યારેય બીજા ક્રમે આવવાનું તેને પસંદ નથી. બુશરાને પ્રથમ રહેવાની આદત છે. તે હંમેશા ટોપર રહી છે. બુશરાનું કહેવું છે કે જે કોઈ પણ મારા ઘરે મળવા આવતા તે બધા મારા માતા પિતાને કહેતા કે આ છોકરીને કલેકટર બનાવવી જોઈએ. હવે યુવતી કલેકટર તો નથી બની પણ પોલીસ કેપ્ટન તો બની જ ચૂકી છે. બુશરાના મગજમાં એવાત ઘૂસી ગઈ હતી. વયનાની હોવાથી યુપીએસસીની પરીક્ષા નહોતી આપી શકી તો જેઆરએફની પરીક્ષા આપી હતી. બુશરાએ પ્રથમ પ્રયાસમાં જેઆરએફની પરીક્ષા પણ પાસ કરી લીધી હતી અને એએમયુમાંથી ડિસ્ટ્રેસ મેનેજમેન્ટમાં પીએચડી કરીને પોતાના નામ સાથે પહેલી વખત ડોક્ટર લખાવી લીધું ત્યારે જ તેમણે અમ્માર હુસૈન જોડે લગ્ન કરી લીધા. વ્યવસાયથી એન્જિનિયર અમ્માર હુસૈન અને બુશરા બંને લગ્ન પછી સઉદી અરેબિયા જતા રહ્યા હતા. અમ્માર ત્યાં યુનિવર્સિટીમાં શિક્ષણ આપવા લાગ્યા અને બુશરા એક કંપનીમાં મોટા અધિકારી બની ગયા હતા. સારી નોકરી, શાનદાર પેકેજને છોડીને બુશરા ભારત પાછી આવી ગઈ અને પતિને પણ સાથે લઈ આવી. બુશરા કહે છે કેપરત ફરવા માટેનું એક જ કારણ છે. તે છે દેશપ્રેમ. વતન સાથે બેહદ પ્રેમ. બુશરાનું કહેવું છે કે તે મોટાભાગે એમ વિચારતી હતી કે જે જ્ઞાન મેં પોતાના દેશ ભારતના રહીશો પાસેથી મેળવ્યું છે. તેનાથી ઉત્પન્ન થયેલું કૌશલ્ય પણ દેશના રહેવાસીઓને જ મળવું જોઈએ. આ લાભ ઉપર તેમનો અધિકાર છે. તેમના પતિ અમ્માર હુસૈન જણાવે છે કે ત્યાર પછી તેમણે કોલ ઈન્ડિયામાં નોકરી કરી હતી. તેમના બે બાળકો પણ છે. તેમની પત્ની ઉપર ચાર મોટી શસ્ત્રક્રિયાઓ થઈ છે. દસ વર્ષનો સમય વીતી ગયો પરંતુ અંદરથી કલેકટર બનવાની ઈચ્છા પ્રબળ છે. બુશરા આગળ જણાવે છે કે મેંપ્રમાણિકતા સાથે નોકરી કરી હતી. માતા તરીકે મારી ફરજ નિભાવી. પતિની કાળજી લેનારી પત્ની બની સતત થઈ રહેલી સર્જરીનો બહાનું બનાવ્યા વગર હવે પોલીસ કેપ્ટન બની ગઈ છું. એએમયુમાંથી પીએચડી કરી રહેલા અમ્માર હુસૈન અલીગઢના રહેવાસી છે. તેઓ કહે છે કે ગાડીમાં પણ તેની ટેવ છે તે આગળ જ બેસો છે. જે ઠાની લે છે તેને કોઈ પણ કિંમતે કરી ગુજરે છે.

UIDAIની મોટી તૈયારી : હવે તમારો સ્માર્ટ ફોન યુનિવર્સલ ઓથેન્ટીકેટર બની જશે

નવી દિલ્હી તા.૩૦

આધારકાર્ડ ઈસ્યૂ કરનાર યુનિક આઈડેન્ટિફીકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક મોટા અપડેટ ઉપર કામ કરી રહી છે. અગાઉ આધાર બનાવવા માટે કાર્યાલયમાં જઈને ફિંગર પ્રિન્ટ્સ, આઈરીશ સ્કેન અનેવન ટાઈમ પાસવર્ડનો ઓથેન્ટિકેશન માટે ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ હવે યુઆઈડીએઆઈ યુઝર્સના સ્માર્ટ ફોનથી તમામ કામ થઈ જાય તેના ઉપર કામ કરી રહી છે જેનાથી યુઝર્સનો સ્માર્ટ ફોન યુનિવર્સલ ઓથેન્ટિકેટર તરીકે ઉપયોગમાં લઈ શકાશે. અત્યારે આંખની કીકી, ઓટીપી અને ફીંગર પ્રિન્ટ દ્વારા ઓથેન્ટિકેશન કરવામાં આવે છે પરંતુ હવે ઓથોરિટી આ ઓથેન્ટિકેશનનો વ્યાપ વધારવા માગે છે. બીજી બાજુ યુઆઈડીએઆઈ પણ જણાવ્યું છે કે તેઓ યુનિવર્સલ ઓથેન્ટિકેશન પર કામ કરી રહ્યા છે. તેમને આશા છે કે ટૂંક સમયમાં હવે સ્માર્ટ ફોનને યુનિવર્સલ ઓથેન્ટીકેટર તરીકે ડેવલપ કરવામાં આવશે. હવે યુઝર્સ પોતાના આધારકાર્ડને ઘરે બેઠા વર્ચ્યુલી અને સ્માર્ટફોનથી વેરિફીકેશન કરી શકશે. હવે કોઈનો પણ સરકારી યોજનાઓનો લાભ લેવા માટે સરકારી કચેરીઓ કે અન્ય સંસ્થાઓના ચક્કર કાપવા નહીં પડે. દેશમાં અત્યારે ૧૨૦ કરોડ મોબાઈલ કનેક્શન છે તેમાંથી ૮૦ કરોડ સ્માર્ટ ફોન એવા છે કે તેનો ઓથેન્ટીકેટર તરીકે જ ઉપયોગ કરી શકાય છે. જો કે કોઈને અત્યારે આ જાણકારી ઉપલબ્ધ નથી. આમ હવે બેંક એકાઉન્ટ ઓપન કરાવવા, રેશનકાર્ડ બનાવવા અને રેશનકાર્ડ લેવા, નવા મોબાઈલ કનેક્શન લેવામાં, પેન્શન તૈયાર કરવામાં, પાન લિંક કરાવવા જેવા હેતુમાં ઉપયોગ થઈ શકશે.

એપલનો પેગાસસ કાનૂની દાવો ભારતીય સરકારના એપલ કાર્ટને ઊંધું ચત્તું કરી નાખશે

નવી દિલ્હી તા.૩૦

એપલ ઈન કોર્પોરેશને પેગાસસ સ્પાયવેર સોફ્ટવેર બનાવનારી ઈઝરાયેલની કંપની એનએસઓ ગ્રુપ ઉપર કેસ ફટકાર્યો છે. એપલે એવો દાવો કર્યો છે કેએનએસઓ ગ્રુપે પેગાસસ દ્વારા તેના એક અબજ આઈફોન યુઝર્સની જાસૂસી કરી છે અને તેથી એપલે કોર્ટને એનએસઓ ગ્રુપને લોક કરવાની માંગણી કરી છે. મહત્ત્વની વાત એ છે કે એપલે ભારત સહિત વિવિધ દેશોના સંક્રમિત આઈફોનમાં પેગાસસના અંશોને શોધવા માટે ટોરન્ટો યુનિવર્સિટીની સિટિઝન લેર્સ અને એમ્નેસ્ટી ટેક દ્વારા ઉપયોગમાં લેવાયેલ પદ્ધતિને વિશ્વસનીયતા બક્ષી છે. આવા પ્રયાસો વધુ સુદ્રઢ બનાવવા એપલ સાઈબર સર્વેલન્સ રીસર્ચ એન્ડ એડવોકેસીને અનુસરતા સંગઠનો અને સંસ્થાઓને કાનૂની દાવામાંથી ડેમેજ તરીકે ૧૦ મિલિયન ડોલર આપશે. અત્યાર સુધી ભારત સરકાર ભારતીય નાગરિકો સામે પેગાસસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એ બાબતે રદિયો આપતી આવી છે. મોદી સરકારે સિટિઝન લેબ અને એમ્નેસ્ટી ટેક દ્વારા ઉપયોગમાં લેવાયેલ પદ્ધતિ સામે સવાલો ઉઠાવ્યાં હતાં. આથી એપલની મંજૂરીની મહોર મહત્વપૂર્ણ છે. વોટ્સએપ અને તેના માલિક ફેસબુકની જેમ વિવાદાસ્પદ નથી અને મોદી સરકાર તેને ખૂબ જ આદરથી જુએ છે. આઈફોન બનાવવા માટે ભારતમાં એપલનું રોકાણને સરકાર દ્વારા ભારતની મોટી આત્મનિર્ભર પહેલ ગણાવવામાં આવી છે. હવે ચાઈનીઝ મોબાઈલ ઈલેક્ટ્રોનિક્સ ઉપર ઓછો આધાર રાખવો પડશે. આ પૃષ્ઠભૂમિમાં પેગાસસ સ્પાયવેર દ્વારા મોટા પાયે જાસૂસી અને સર્વેક્ષણ સંદર્ભમાં ભારત સરકાર માટે એપલ્સના પોતાના તારણો નકારવા મુશ્કેલ બની જશે. હવે સુપ્રીમકોર્ટની સમિતિ અને લોકુર કમિશનો એપલના ટોચના અધિકારીઓને જુબાની આપવા માટે બોલાવવા જોઈએ. જો એપલના અધિકારીઓ એવું જણાવે કે પેગાસસનો ભારતમાં ઉપયોગ થયો હતો તો તે હકીકત મોદી સરકાર માટે ઘણી ક્ષોભજનક પુરવાર થશે.

પ્રખ્યાત વાઈરોલોજિસ્ટ કહે છે કે, 'નવા કોવિડ-૧૯ વેરિઅન્ટ સામે રસીઓ નિષ્ફળ જશે એમ કહેવું ખૂબ વહેલું ગણાશે'

(એજન્સી) તા.૩૦

કોવિડના નવા વેરીએન્ટ પછી ઉભા થયેલા ભય વચ્ચે આશ્વાસન આપનારી બાબત એ છે કે ટોચના વાયરોલોજિસ્ટ કહે છે કે તેરસીદ્વારા અટકાવી શકાય તેમ છે. દક્ષિણ આફ્રિકામાં શોધાયેલ નવા પ્રકારની સામાન્ય ધારણાથી તે ખૂબ જ અલગ જ વાત છે, જેને ડબલ્યુએચઓદ્વારા ઓમિક્રોન કહેવામાં આવે છે, ભારતના ટોચના વાયરોલોજિસ્ટ્સમાંના એક શાહિદ જમીલ કહે છે, "ઓમિક્રોનનું વર્ણન કરવા માટે ઉપયોગમાં લેવાતા ઉચ્ચતમ શબ્દોમાં થોડી અતિશયોક્તિ છે". બીબીસીના અહેવાલમાં રાજયના વૈજ્ઞાનિકોએ તેને "ભયાનક" અને "અત્યાર સુધીની સૌથી ખરાબ" ગણાવ્યું છે. શાહિદ જમીલ કહે છે, "આપણે લાગણીથી નહીં, પણ ડેટા દ્વારા માર્ગદર્શન મેળવીએ. એવું કહી શકાય નહીં કે રસીઓ નિષ્ફળ જશે અથવા ઓમિક્રોન એડેલ્ટા કરતાં છ ગણી વધુ ચેપી છે. આ બધી અટકળો છે." ધ વાયર માટે કરણ થાપરને આપેલા ૩૦-મિનિટના ઈન્ટરવ્યુમાં, પ્રો. જમીલ, જેઓ હાલમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટી ખાતે ગ્રીન ટેમ્પલટન કોલેજમાં સિનિયર રિસર્ચ ફેલો છે, કહે છે કે, "લોકો મોટી સંખ્યામાં પરિવર્તનો ઉપર અનુમાન (ઓમિક્રોન વિશે) કરી રહ્યા છે. વાઈરસ હંમેશા બદલાતા રહે છે." તે કહે છે કેબ્રિટન અનેઅન્ય યુરોપિયન દેશો દ્વારા દક્ષિણ આફ્રિકાથી ફ્લાઈટ્સ બંધ કરવાનો નિર્ણય "ભાવનાત્મક પ્રતિભાવ" છે. ધ વાયર ઈન્ટરવ્યુમાં, પ્રો. જમીલ કહે છે કે વાયરસની વર્તણૂક અને અસરનો અભ્યાસ કરતી વખતે ત્રણ મહત્ત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. શું તે વધુ ટ્રાન્સમિસિબલ છે? શું તે ગંભીર રોગ તરફ દોરી જાય છે? શું તે રસીઓથી પૂર્વ-અસ્તિત્વમાં રહેલી રોગપ્રતિકારક શક્તિને ટાળી શકે છે? તેમના પ્રશ્નોના જવાબ આપતા, પ્રો. જમીલ કહે છે કે "તે ગંભીર રોગનું કારણ બનશે કે કેમ તે જાણવું ખૂબ જ વહેલું છે". પહેલાથી અસ્તિત્વમાં રહેલી રોગપ્રતિકારક શક્તિને ટાળશે. આ બંને માટે આપણે રાહ જોવી પડશે. તે ઉમેરે છે કે વસ્તુઓ સ્પષ્ટ થવા માટે આપણે કદાચ ત્રણથી ચાર અઠવાડિયા રાહ જોવી પડશે. "શું તે વધુ પ્રસારિત થઈ શકે છે?" પ્રશ્નના સંદર્ભમાં, તે કહે છે કે અમારી પાસે ઓમિક્રોન ઝડપથી ફેલાતો હોવાના કેટલાક જીનોમ-સિક્વન્સ-આધારિત પુરાવા છે, પરંતુ આ માત્ર દક્ષિણ આફ્રિકાના એક જિલ્લાના નાના ક્લસ્ટરમાંથી છે. જો કે, તે ઉમેરે છે કે, અમારી પાસે આરટી-પીસીઆર પરીક્ષણો દ્વારા ઓમિક્રોનની શોધના પુરાવા છે, જે સૂચવે છે કે ઓમિક્રોન વધુ વ્યાપક રીતે ફેલાઈ શકે છે. પરંતુ આરટી-પીસીઆર શોધ સંપૂર્ણ સાબિતી નથી અને તેને જીનોમ પરીક્ષણ દ્વારા સમર્થન અને ચકાસવાની જરૂર છે. પ્રો. જમીલ કહે છે કે તેઓ કુલ્યુવેન યુનિવર્સિટીના બાયોલોજી અર્સ બાયોસ્ટેટિસ્ટિકસના

પ્રોફેસર ટોમ વેન્સેલર્સ દ્વારા કરાયેલા દાવાને સ્વીકારતા નથી કે ઓમિક્રોન ડેલ્ટા કરતા છ ગણું વધારે ઈ મૂલ્ય ધરાવે છે. તેમનું કહેવું છે કે આ અટકળો છે. ઓમિક્રોનમાં સ્પાઈક પ્રોટીનમાં ૩૦ સાથે એકંદરે ૫૦ મ્યુટેશન હોવાના દાવા ઉપર વિસ્તૃત રીતે, પ્રો. જમીલ સ્પષ્ટ કરે છે કે આ પ્રથમ ૪ અથવા પ જીનોમ સિક્વન્સ ઉપર આધારિત છે. આપણે રાહ જોવી પડશે અને આ તબક્કે આપણા પ્રતિભાવમાં ભાવનાત્મક અથવા અનુમાનિત ન થવું જોઈએ. ઓમિક્રોનની ઉત્પત્તિના સિદ્ધાંતો વિશે ધ વાયર સાથે વાત કરતાં, પ્રો. જમીલ કહે છે કે તે તદ્દન બુદ્ધિગમ્ય છે, પરંતુ સાબિત કરવું ખૂબ જ મુશ્કેલ છે, કે તે રોગપ્રતિકારક શક્તિ ધરાવતા વ્યક્તિમાં વિકસિત થયો હતો, જેણે વાયરસને ઘણી રીતે પરિવર્તિત થવા માટે પૂરતો સર્ત આપ્યો હોત. તે કહે છે કે જ્યાં સુધી તમે તેને સાબિત કરવા માટે વ્યક્તિને શોધી ન શકો ત્યાં સુધી આ સિદ્ધાંતને સમજવું ખૂબ જ મુશ્કેલ હશે. અંતે, પ્રો. જમીલ સૂચવે છે કે દક્ષિણ આફ્રિકા અને અન્ય દેશો જ્યાં ઓમિક્રોન મળી આવ્યા છે ત્યાંથી મુસાફરોની કડક તપાસ કરવાનો સરકારનો પ્રતિભાવ યોગ્ય અભિગમ છે. તે કહે છે કે દક્ષિણ આફ્રિકાથી ફ્લાઈટ્સ બંધ કરવી એ "ભાવનાત્મક પ્રતિભાવ" હશે.

ગુજરાતમાં નિયમિત બિલ નહીં ચૂકવતા કે બે મહિના સુધી નિષ્ક્રિય રહેતા ૧૩.૬૦ લાખ મોબાઈલ કનેકશનો રદ

અમદાવાદ તા.૩૦

ગુજરાતમાં સપ્ટેમ્બર માસમાં ૧૩.૬ લાખ મોબાઈલ ધારકો ઘટ્યા છે. તેમ ટ્રાઈના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. ગુજરાતમાં કુલ મોબાઈલ ધારકોની સંખ્યા ઓગસ્ટમાં ૭ કરોડ હતી જે સપ્ટેમ્બરમાં ૬.૮ કરોડની નોંધાઈ હતી. તમામ મોટી ટેલિકોમ કંપનીઓએ સપ્ટેમ્બરમાં ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો નોંધાવ્યો હતો. ટેલિકોમ ઉદ્યોગના સૂત્રોએ કોવિડ-૧૯ના બીજાતરંગની આસપાસ લોકોની નબળી ખર્ચ ક્ષમતાને આ ઘટાડો કારણભૂત ગણાવ્યો છે, જેના કારણે મોબાઈલ કનેકશન્સ રદ કરવામાં આવ્યા હતા અથવા રિચાર્જ ન થયા હતા. સતત બિલ ન ભરવાની અથવા કનેકશન રિચાર્જ ન કરવાની અસર બે-ત્રણ મહિના પછી સપ્ટેમ્બરમાં જોવા મળી હતી, જયારે કનેકશન્સ નિષ્ક્રિય થઈ ગયા હતા. બીજી લહેર દરમ્યાન, ઘણા લોકો તેમના કનેકશન રિચાર્જ કરવામાં અથવા તેમના મોબાઈલ બિલ નિયમિતપણે ચૂકવવામાં નિષ્ફળ ગયા. પૈસા ચૂકવ્યા વિના અથવા રિચાર્જ કર્યા વિના કનેકશન બે મહિના સુધી નિષ્ક્રિય રહ્યા પછી, મોબાઈલ કનેકશન્સની એકંદર સંખ્યા ઘટી ગઈ. તેની અસર સપ્ટેમ્બરમાં જોવા મળી હતી, એક સારી રીતે મૂકવામાં આવેલા સ્ત્રોતે જણાવ્યું હતું. રિલાયન્સ જિયો, જે હાલમાં ગુજરાતમાં સૌથી વધુ સબ્સ્ક્રાઇબર્સ ધરાવે છે, તેણે વધુમાં વધુ ૧૦.૯૮ લાખ કનેકશન ગુમાવ્યા, ત્યારબાદ ટશએ લગભગ ૧.૪૮ લાખ સબ્સ્ક્રાઇબર્સ ગુમાવ્યા અને એરટેલે લગભગ ૧.૨૪ લાખ સબ્સ્ક્રાઇબર્સ ગુમાવ્યા. રાજ્યની માલિકીની ટેલિકોમ ઓપરેટર, ઈજગક, જે સતત સબ્સ્ક્રાઇબર્સ ગુમાવી રહી છે, તેણે સપ્ટેમ્બરમાં રાજ્યમાં વિપરીત રીતે કેટલાક સબ્સ્ક્રાઇબર્સ મેળવ્યા. સમગ્ર ભારતમાં પણ વલણ એ જ રહ્યું, જેમાં મોટાભાગના ખેલાડીઓએ ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો નોંધાવ્યો. ટ્રાઈના ડેટા અનુસાર, દેશભરના ગ્રામીણ મોબાઈલ ગ્રાહકોની સરખામણીમાં શહેરી ગ્રાહકોની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. જોકે, ગુજરાત માટે ચોક્કસ ડેટા ઉપલબ્ધ નથી. સબ્સ્ક્રાઇબર્સની સંખ્યામાં ઘટાડો થવા સાથે, ગુજરાતમાં ટેલિ-ડેન્સિટી ઓગસ્ટમાં ૯૯.૬૨% થી ઘટીને ૯૭.૬% થઈ ગઈ છે. રાજ્યમાં ટેલિ-ડેન્સિટી આ વર્ષે જુલાઈમાં ૧૦૦.૧૭ ની ટોચે પહોંચી હતી, જે ફરી એકવાર ઘટતા સબ્સ્ક્રાઇબર સાથે ઘટવા લાગી હતી.

માણાવદર શહેરનું અનોખું ચૈતન્ય હનુમાન મંદિર જયાં છેલ્લા ૮૮ વર્ષથી અખંડ જયોત જલે છે

માણાવદર તા. ૩૦ પાર કરીને ઉકાબાપાની વાડીમાં પછી ૫૧ કેડી, શનિવારે બપોરે તેજોમય તેજ અખંડ જયોતની

માણાવદર પંથકનું અનોખું ચૈતન્ય હનુમાનમંદિર જેનું કોઈ ટ્રસ્ટ નહીં, મંડળી નહીં કે કોઈ ગાદીપતિ નહીં, કેવળ રામભરોસે છેલ્લા ૮૮ વર્ષથી અખંડ જયોતથી ઝળહળતું સૌથી પ્રાચીન મંદિર છે. માણાવદરના રાજાશાહી સમયના પાવર હાઉસ સામે આવેલું ચૈતન્ય હનુમાન મંદિર નવાબી કાળથી અડીખમ ઉભું છે. આજથી ૫૦ વર્ષ પહેલા સિનેમા ચોકથી રેફરલ હોસ્પીટલ થઈ નવનાલા ચારેક વાગ્યે હનુમાનદાદાને તેલ ચડાવવા માટે ટબુડી કેવાટકીમાં નાના-મોટા છોકરાઓની ચાર-પાંચ જણાની ટોળકી હાનુમાનજતી હાંકલ પાડે, ભુત પલીત કા દાંત પાડેની.. જય બોલાવતા નાનકડી ડેરીએપહોંચે છે. ત્યાં ઉકાબાપા તેઓને પ્રસાદી આપે છે.

આ મંદિરમાં છેલ્લા ૮૮ વર્ષથી અખંડ જયોત ધજા ફરકે છે. આ અવિરત પણે ચાલતી અખંડજયોત કહો કેઅખંડદિપનું તદન નજીક અષ્ટ વિનાયક બિરાજે છે. આ મંદિરમાં સ્વયંભૂ થયેલી મનમોહક પથ્થર માંથી પ્રગટથયેલી હનુમાનજીનીમૂર્તિ છે. અહીં જગારા મારતો નાનકડો ઘંટ, ઉભુ ફાટેલ શ્રીફળની પ્રસાદી ચૈતન્યની અવધુતી અનુભુતી કરાવે તેવું મંગલમય વાતાવરણ હોય છે. ચૈતન્ય હનુમાન મંદિર ૨૪ કલાક ખુલ્લું જ હોય છે તેના દર્શન માત્રથી એક અલૌકિક આનંદની અનુભુતી થાય છે.

ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે આવાસોનો ડ્રો યોજાયો

ચોરવાડ તા. ૩૦

પ્રધાનમંત્રી આવાસ યોજના (એ.એચ.પી.ઘટક) અંતર્ગત ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે ચોરવાડ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ જલ્પાબેન વિમલભાઈ ચુડાસમા તેમજ ધરાસભ્ય વિમલભાઈ ચુડાસમા અને અધિકારીઓ અને લાભાર્થીઓની હાજરીમાં લાભાર્થીઓનેતાત્કાલિક ધોરણે આવાસ મળી રહે તેવા ઉમદા હેતુથી આવાસોનો ડ્રો કરવામાં આવેલ હતો.

ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (એ.એચ.પી.ઘટક) અંતર્ગત ચોરવાડ બંદર રોડઉપર ૪૧૬ આવાસોનુંબાંધકામ પૂર્ણ થઈ જતાં જે લાભાર્થીઓ દ્વારા ડિપોઝીટ પેટેની રકમ જમા કરવામાં આવેલ તેવા આવાસોનું નગરપાલિકાના પ્રમુખ જલ્પાબેન ચુડાસમા તેમજ ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, ચીફ ઓફિસર જે.વી. ધોલિયા તેમજ ભાવનગર ખાતેથી આવેલ અધિકારી અને

લાભાર્થીઓની હાજરીમાં ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે ડ્રો નું આયોજન કરવામાં આવેલ. જેમાં **1-BHK** ૧૧ લાભાર્થીઓ અને અને **2-BHK** ૨૦ લાભાર્થીઓના આવાસોનો ડ્રો કરવામાં આવેલ, જેથી લાભાર્થીઓને તાત્કાલિક ધોરણે આવસોનો લાભ મળી શકે.

આ પ્રસંગે ચોરવાડ નગરપાલિકાના ઉપપ્રમુખ ભીખાભાઈ પંડિત, કારોબારી ચેરમેન હીરાભાઈ વાઢેર તેમજ સદસ્ય દિનેશભાઈ ચુડાસમા, જીવાભાઈ ચાવડા, હિતેષભાઈ ચુડાસમા, વાલજીભાઈ ચુડાસમા, હિતેષભાઈ ચાવડા, અશ્વિનભાઈ પંડિત, મેઘાભાઈ પરમાર, રામજીભાઈ વૈશતેમજ આગેવાનોમાં ભાયાભાઈ પંડિત, બાલુભાઈ સાતભાયા, રમેશભાઈ પંડિત સહિત નગરપાલિકાના એન્જિનિયર, કર્મચારીગણ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડેલ્ટા વેરિઅન્ટ કરતા પણ ઓછી અસર છે ઓમીક્રોનની, હળવા લક્ષણો હોવાથી ઘરમાં જ ઈલાજ કરી શકાય



નવી દિલ્હી તા. ૩૦

દક્ષિણ આફ્રિકામાં મળી આવેલા કોરોના વાયરસના નવા વેરિઅન્ટને લઈને દુનિયા ભલે ગભરાટમાં હોય, પરંતુ નવા વેરિઅન્ટ **Omicron** વિશેજે માહિતી સામે આવી છે તે રાહત આપનારી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેની અસર કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટ કરતા ઓછી છે. ઓમીક્રોન વેરિઅન્ટથી સંક્રમિત દર્દીઓમાં ખૂબ જ હળવા લક્ષણો હોય છે અને તેમની ઘરે સારવાર કરી શકાય છે. દક્ષિણ આફ્રિકાના ડૉક્ટરે કહ્યું કે ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત દર્દીમાં ખૂબ જ હળવા લક્ષણો છે, દર્દીઓમાં માથાનો દુખાવો, શરીરમાં દુખાવો, શરદી સહિતના નાના લક્ષણો દેખાય છે. ઘરમાં રહીને તેનો ઈલાજ કરી શકાય છે. દક્ષિણ આફ્રિકાના મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. એન્જેલિક કોએત્ઝીએ જણાવ્યું હતું કે તેમના ક્લિનિકમાં સાત દર્દીઓ આવ્યા હતા જેમણે ડેલ્ટા વેરિઅન્ટથી અલગ લક્ષણો દર્શાવ્યા હતા અને 'ખૂબ જ હળવા હતા. દર્દીઓએ શરીરમાં દુઃખાવો અને માથાના દુઃખાવાની ફરિયાદ કરી હતી. તેમણે કહ્યું કે હવે જે દર્દીઓ આવી રહ્યા છે તેમનામાં ખૂબ જ હળવા લક્ષણો છે, તેમને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી.

અમુક બીમારીઓથી પીડિત લોકો માટે ફલાવર ખાવું હિતાવહ નથી, સમસ્યા વધી શકે

કેટલાક શાકભાજી એવા હોય છે જે તમને દરેક સિઝનમાં સરળતાથી મળી જાય છે. પરંતુ જો સ્વાદની વાત કરીએ તો આ શાકભાજીનો સ્વાદ શિયાળાની ઋતુમાં જ મળે છે. આ શાકભાજીમાં ફલાવરપણ સામેલ છે. તમે દરેક સિઝનમાં બજારમાં કોબીજ શોધી શકો છો પરંતુ મુખ્યત્વે કોબીજ શિયાળાની શાકભાજી છે. ફલાવરમા કેલ્શિયમ, ફોસ્ફરસ, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ્સ અને આયર્ન ભરપૂર માત્રામાં હોય છે.

તેની સાથે તેમાં વિટામીન છ, **B, C** અને પોટેશિયમ પણ હોયછે. જોકે, કોબીજ સ્વાસ્થ્ય માટે ફાયદ્યકારક છે. પરંતુ કેટલાક લોકોએ ફલાવરનું સેવન કરવાનુંટાળવું જોઈએ. જાણો કયા લોકોએ તેનું સેવન ન કરવું જોઈએ. સાથે જ જાણી લો આ લોકોને તેનું સેવન કરવાથી શું નુકસાન થઈ શકે છે.

જો તમે થાઈરોઈડની સમસ્યાથી પરેશાન છો તો કોબીજનું સેવન ટાળો. તેનું સેવન કરવાથી તમારા ૩ અને ૪ હોર્મોન્સમાં વધારો થઈ શકે છે.

જે લોકોને પિત્તાશય અથવા કિડનીમાં પથરીની સમસ્યા હોય, તેમણે કોબીજનું સેવન ટાળવું જોઈએ. કોબીજમાં કેલ્શિયમ વધુ હોય છે. બીજી તરફ, જો તમારું યુરિક એસિડ વધારે હોય તો પણ કોબીજનું સેવન ન કરો. આવી સ્થિતિમાં, તેનું સેવન કરવાથી કિડની અથવા ગાલના મૂત્રાશયમાં હાજર કિડનીની સમસ્યા ઝડપથી વધશે. આ ઉપરાંત યુરિક એસિડનું સ્તર પણ ઝડપથી વધી શકે છે.

જે લોકોને ગેસની સમસ્યા હોય તેઓ કોબીજનું સેવન કરવાનું ટાળે છે. કોબીમાં કાર્બોહાઇડ્રેટ્સ હોય છે. જે સરળતાથી તૂટતા નથી. જેના કારણે એસિડિટીની સમસ્યા વધી શકે છે.

ઉપરોકત મુદ્દાઓ પ્રાથમિક માહિતીઓને આધારે તૈયાર કરવામાં આવ્યા છે. આરોગ્યને લાગતાં કોઈ પણ પ્રયોગ કે નિર્ણય લેતા પહેલા અનુભવી તબીબ અથવા જે તે વિષયના નિષ્ણાંતની સલાહ લેવી હિતાવહ છે

દેશમાં અસાધ્ય રોગ વિષે જાગૃતિ અભિયાન સાથે ઉજવાતો દિવસ ૧ ડિસેમ્બર – વિશ્વ એઇડ્સ દિન

વિશ્વ એઈડ્સ દિન સૌ પ્રથમ ઈ.સ.૧૯૮૮ના વર્ષથી અનુસરવામાંઆવ્યો હતો. ત્યારથી પ્રતિવર્ષ ૧ ડિસેમ્બર એઈડ્સ વિષેની સમજ અને સહાનુભૂતિનો સંદેશ લાવે છે. એચ.આઈ.વી.થી ઓળખાતા અતિસૂક્ષ્મ વાયરસથી એઈડ્સ થાય છે. આજના સમયમાં એઈડ્સ સમગ્ર માનવજાત સામેની સામાજિક રીતે મોટામાં મોટી સમસ્યા છે. એકવીસમી સદીમાં ભોગવાદ અને ભૌતિકવાદનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે ત્યારે અનૈતિક સંબંધો આ મહારોગનો વ્યાપ વધારે છે. એઈડ્સથી બચવા જાગૃતિ અનિવાર્ય છે. સમગ્ર વિશ્વએ જયારે પર્યાવરણને સમતુલિત બનાવવા કમર કસી છે ત્યારે આપણે વસુધૈવ કુટુમ્બકમનો ચરિતાર્થ કરીએ અને વિશ્વ એઈડ્સ દિનને આરોગ્યપ્રદ રીતે ઊજવીએ. અન્ય રોગોની સરખામણીએ એચ.આઈ.વી.અથવા એઈડ્સના દર્દીઓને સમાજ વચ્ચે જીવવામાં અનેક માનસિક તણાવમાંથી પસાર થવું પડે છે. કેમ કે, આ દર્દીઓના ચારિત્ર્યઅંગે અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર શંકાઓ કરવામાં આવે છે. ગામડાંઓમાં આ રોગ વિષે જોઈએ તેટલી માહિતીનો અભાવ હોવાથી આ રોગની લાક્ષણિકતાઓ જલ્દી જાણી શકાતી નથી. પરિણામે કેટલીક સમસ્યાઓ ઊભી થઈ છે. એક કિસ્સામાં તો વ્યક્તિએ આજુબાજુના માણસોનાં મેણાં-ટોણાથી કંટાળીને આત્મહત્યાનું પગલું પણ ભરવું પડ્યું હતું. જે સાબિત કરે છે કે, દર્દીને માત્ર દવાની નહીં પણ લાગણી અને હૂંફની વધારે જરૂર છે. ડબ્લ્યુ.એન.એ.આઈ.ડી.એસ.ના એક અંદાજ અનુસાર ૨૦૦૪ના વર્ષમાં ૩૫ કરોડ ૭૦ લાખ પુખ્ત વયના તથા ૨ કરોડ ૧૦ લાખ બાળકો એચ.આઈ.વી. સાથે જીવી રહ્યા છે. માત્ર આ વર્ષે જ ૪ કરોડ ૮૦ લાખ લોકો એચ.આઈ.વી.થી ચેપગ્રસ્ત બન્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે, નવા ચેપગ્રસ્ત બનતા લોકોમાં અડધાથી પણ વધુ માત્ર ૨૫ વર્ષની ઉમરનાં હોય છે અને તેઓ ૩૫ વર્ષની ઉંમર સુધીમાં તો મૃત્યું પામે છે. એચ.આઈ.વી. એઈડ્સગ્રસ્ત લોકોમાંથી ૯૫ ટકા તો આજે વિકાસશીલ દેશોમાં જ છે આમ છતાં આ ગંભીર સમસ્યાનો વિશ્વભરના દેશો સામનો કરી રહ્યા છે. ભારતમાં ચેન્નાઈ ખાતે ૧૯૮૬માં પ્રથમ એચ.આઈ.વી. એઈડ્સનો કેસ નોંધાયો. ત્યાર બાદ આજ સુધી તેનો સતત ફેલાવો ધ્યાનમાં આવ્યો છે. ગત ૨૦૦૩ના વર્ષના અંતે ભારતમાં એચ.આઈ.વી.નો ચેપ ધરાવતા ૫૧ લાખ લોકો હોવાનો અંદાજ છે. આમ દક્ષિણ આફ્રિકા બાદ ભારતનો બીજા નંબરનો ક્રમ છે. ગુજરાતમાં પણ એઈડ્સનો પ્રથમ દર્દી ૧૯૮૬માં નોંધાયો હતો. ગુજરાત ઔદ્યોગિક દ્રષ્ટિએ એકંદરે વિકસિત રાજય હોવાથી. પરપ્રાંતમાંથી સ્થળાંતર પામેલ કામદારોની ટકાવારી ઊંચી છે. આ સ્થળાંતરના કારણે પતિ-પત્ની એકબીજાથી અલગ રહેતા શ્રમિકોમાં જાતીય સંબંધો જોખમી જાતીય વર્તણૂકમાં પરિણમતા હોય છે. એચ.આઈ.વી. અને એઈડ્સ મહિલાઓ તથા છોકરીઓને વિવિધ રીતે વિશેષ અસર કરે છે. જાતીય સમાગમ દરમ્યાન એચ.આઈ.વી.નો ચેપ સામાન્યતમપુરૂષો કરતાં મહિલાઓને વધુ ઝડપથી અસર કરતો હોય છે. એચ.આઈ.વી. એઈડ્સ માતા દ્વારા જ બાળકને ચેપ લાગવાની વધુ શક્યતા હોય છે. આજકાલ તો યુદ્ધના એક સાધન તરીકે પણ એચ.આઈ.વી.નો ઉપયોગ થતો હોવાનું જાણવા મળ્યું છે. રૂવાન્ડા અને કોસાવાના અશાંતિગ્રસ્ત વિસ્તારોમાં એચ.આઈ.વી. ગ્રસ્ત પુરૂષ દ્વારા ઈરાદાપૂર્વક હજારો મહિલાઓ ઉપર બળાત્કાર ગુજારાયા હોવાના બનાવો સમગ્રવિશ્વ માટે ગંભીર ચેતવણી આપી રહ્યા છે એઈડ્સ એવો એક રોગ છે કે, જેને પોતાનાં આગવાં કોઈ ચિહ્નો નથી. આમ છતાં રોગપ્રતિકારક શકિતનો ક્રમશઃ ઘટાડો થતાં આવી વ્યક્તિમાં કેટલાંક લક્ષણો દેખાઈ આવે છે. જો કે ચોક્કસ નિદાન તો લોહીના પરીક્ષણ દ્વારા જ થઈ શકે. સામાન્યતઃ રોગના કોઈ દેખીતા કારણ સિવાય જ આવી વ્યક્તિના શરીરના વજનમાં માત્ર એક માસ જેટલા ટૂંકા સમયગાળામાં જ ૧૦ ટકા કે તેથી વધુ ઘટાડો થાય છે. અજાણ્યાં કારણોસર એક માસથી વધુ સમય માટે

તાવ પણ આવતો હોય છે તથા એક માસથી વધુ સમય સુધી ઝાડા પણ ચાલું રહે છે. આ ઉપરાંત સારવાર લેવા છતાં પણ એક માસથી વધુ સમય સુધી ઉધરસ ચાલું રહેતી હોય છે. ચામડી ઉપર ડાઘ પડે તેમ જ ખંજવાળ પણ આવતી હોય છે. જીભ ઉપર પ્રમાણમાં છારી બાઝતી હોય છે તથા શરીરની લસિકા ગ્રંથિઓમાં સોજો પણ આવતો હોય છે. અસલામત જાતીય સંબંધોને ટાળી ભારતીય સંસ્કૃતિ મુજબ મર્યાદાપૂર્ણ જીવન આજના સમયમાં સૌથી વધુ ઉપયોગી બની રહેશે. આ ઉપરાંત ધંધાદારી રક્તદાતાનું લોહી ન લેતાં લાયસન્સ ધરાવતી બ્લડ બેંકો પાસેથી જ એચ.આઈ.વી.ના બાદ લેવાયેલ લોહી લેવું જોઈએ એચ.આઈ.વી મુખ્યત્વે લોહી દ્વારા ફેલાતા વાયરસ છે તેથી બીજાએ ઉપયોગ કરેલ હોય તેવા ટૂથબ્રશ, રેઝર, બ્લેડ જેવાં સાધનોનો ઉપયોગ ટાળવો જોઈએ. એચ.આઈ.વી એઈડ્સથી બચાવના ઉપાય કિશોરાવસ્થાથી જ યૌન રોગો અને એચઆઈવી એઈડ્સ સંદર્ભે જાણકારી અપનાવે જે સંપૂર્ણ સમજદારી અને સાવધાની. તેમને એચ.આઈ.વી. એઈડ્સથી થાય કેવી પરેશાની એચ.આઈ.વી.ગ્રસ્ત માતાની સાવધાની અને ઈલાજ દ્વારા બાળકને અસર થવા માંથી બચાવ કોન્ડોમનો ઉપયોગ અને જીવનસાથી પ્રત્યે વફાદારી રાખવામાં સમાધાની યૌન રોગો તથા એચ.આઈ.વી એઈડ્સ સલાહ કેન્દ્ર અને સ્વાસ્થ્ય કેન્દ્રમાંથી મળતી સલાહ અને સારવાર સેવાઓનો ઉપયોગ કરવા સહિત અનેકો અનેક જાગૃતિ માટે ખૂબ પ્રચાર પ્રચાર કરી કરાવી રહેલ સામાજિક સ્વૈચ્છિક ધાર્મિક સંસ્થા જાહેર મેળાવડાઓમાં પોસ્ટર પ્રદર્શનો યોજાતા રહે છે.

કોરોના ટાઈમ પાસ

પ્રવેશ ૧ લો

અશોકભાઈ - સોના - તું ચીંતા ના કર સરકારી ફાયર બ્રિગેડવાળાઓને હું ફોન કરી દઉ છુ. કોઈપણ પ્રકારના અકસ્માતો ને સરકારી તંત્ર જ કન્ટ્રોલ કરી શકે !

- અરે .. હા કોઈ પૂછે તો આગ શોર્ટશર્કીટથી લાગી છે. એમ કહી જ દેવાનું ! - શું સમજી !

- સોના - પણ આપણા ઘરમાં વિજળીક ઉપકરણે અને લાઈટ ફીટીંગ બધુ જ નવું છે. તો પછી શોર્ટ શર્કીટથી આગ લાગી એવું શા માટે ખોટું બોલવાનું ! - હુ તો કહીશ મુન્નો ફટાકડા ફોડતો હતો !-

અશોકભાઈ - છાપાવાળાઓને પણ આપણે શોર્ટ શર્કીટથી આગ લાગી છે. એમજ જણાવી દેવાનું !- ખોટું જ બોલવું પડે !-

સોના - પણ ખોટું કયાં સુધી ચાલે ? અશોકભાઈ - બધે જ હવે "ખોટું" જ થાય છે. એટલે આપણું એકાદ "સત્ય" જરાય ટકી શકે નહિ. બસ ! - ખોટું બોલો ખોટું સાંભળો અને ખોટું જ જુઓ !-

સોના - ઘરમાં બધુ જ રાખ થઈ ગયું છે. અને હું તથા મુન્નો બિલકુલ સલામત છીએ.

અને પેલા ફાયર બ્રિગેડના બાટલા જ્યાં લટકે છે, ત્યાંજ છે અને એકદમ ધૂમાડાથી કાળા પડી ગયા છે.

- આગથી ઈશ્વર જ બચાવી શકે, ફાયર બ્રિગેડના બાટલા હરગીઝ નહિ!

પ્રવેશ ૨ જો

અભ્યાસક્રમમાં એક પાઠ હતો..

અંધેરી નગરી અને ગંડુ રાજા ! -

પાડોશી : (પાડોશી એ અશોકભાઈને ફોન કર્યો)

- હલ્લો અશોકભાઈ ! જો તમારા મીસીસ સોનાબેહેન આગ બુઝાવવા જો ક્ષણવાર વધારે ઘરની અંદર રહ્યા હોતતો જરૂર ૧૦૮ બોલાવવી પડી હોત ! (અશોકભાઈ પોતાનું કામ પડતું મુકીને ઘેર આવવા રવાના થયા)

પ્રવેશ ૩ જો

પાડોશી :- સોનાબહેને ! કુદરત - પરમેશ્વરને જરા સમજો અને જાણો કેમ કે અકસ્માત ક્યારે સ્થળ કે સમય નક્કી કરીને જ નથી થતો! -

- ફાયર બ્રિગેડના દિવાલે-દિવાલે ઘણાં સાધનો લગાડેલા હોય તો ય અગ્નિદેવ જમે ત્યારે ક્રોધિત થાય તો તેને આંબવાનું માણસનું ગજુ નહિ!

અશોકભાઈ - (ઘેર આવીને) અરે, સોના! - જે થયું તે ઈશ્વર - ઈચ્છાથી થયુ, ઘરવખરી - રીનોવેશન બધુ ફરીથી કમાઈને કરી લઈશું

પાડોશી - અશોકભાઈ ! આગ તો ક્યારેક અકસ્માતે લાગે પણ ખરી ! - પણ પીચોતેર વર્ષ સુધીમાં ક્યાંય નિશાળમાં આગ લાગી હોય એવું સાંભળ્યુ નથી ! હા, ક્યારેક જ કોઈક અપવાદ બની શકે. પણ કોઈ ચીભડું ખાઈ જાય તો બધાને ખોટી સજા ના કરાય !

(અશોકભાઈનો મુન્નો ઘર બહાર ઉભો ઉભો આનંદથી વાસડી વગાડતો હતો.

જૂનાગઢનાં સક્કરબાગમાં ગેરકાયદેસર સિંહ દર્શન થયું નથી : વીડીયો જંગલ સફારી પાર્કનો છે

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં પણ ગેરકાયદેસર સિંહ દર્શન થતું હોવાના સમાચાર વહેતા થયા હતા. ત્યારે સક્કરબાગના આરએફઓએ આ અંગે જણાવ્યું હતું કે, 'સક્કરબાગમાં ગેરકાયદેસર સિંહ દર્શન થતું નથી. વાઈરલ થયેલ વિડીયો જંગલ સફારી પાર્કનો છે, પ્રતિબંધિત વિસ્તારનો નથી.' આ અંગે મળતી વિગત મુજબ સક્કરબાગ ઝૂમાં ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરાવાતું હોવાનો વિડીયો વાઈરલ થયો હતો. આ વિડીયો વાઈરલ થતા ચકચાર મચી જવા પામી હતી. હજુ તો એક ખાનગી ફાર્મમાં થતા ગેરકાયદેસર સિંહ દર્શનમાં વન વિભાગે પ આરોપીને ઝડપી લઈ કાર્યવાહી કરી છે તેમજ આગળની તપાસ હાથ ધરી છે. ત્યાં સક્કરબાગમાં જ ગેરકાયદેસર સિંહ દર્શનની વાતો વિડીયો મારફતે વહેતી થતા સનસનાટી મચી ગઈ હતી. દરમ્યાન આ અંગે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના આરએફઓ નિરવ મકવાણાએ જણાવ્યું હતું કે, સક્કરબાગમાં ગેરકાયદેસર સિંહ દર્શન કરાવાતું હોવાની વાત જ ખોટી છે. કારણ કે, જે વિડીયો વાઈરલ થયો છે તે વિસ્તાર જંગલ સફારી પાર્કનો છે. ત્યાં તો ૫૦ રૂપિયાની ટિકીટ લઈ સક્કરબાગની બસમાં બેસીને જઈ શકાય છે. આમ, આ પ્રતિબંધિત વિસ્તાર નથી. બીજી વાત કે, પશુને બાંધ્યું હોય, મારણ કરાવાતું હોય કે સિંહની પજવણી થતી હોવાનું ક્યાંય વિડીયોમાં નજરે પડતું નથી. જ્યારે વાત ગાડીની આવે છે કે, થાર ગાડી અનેએક અન્ય ગાડી હતી તો થાર ગાડી સક્કરબાગના ૩ અધિકારીઓ પાસે છે. ડોકટર, એજયુકેશન ઓફિસર અને મિટના કોન્ટ્રાકટર આવી કાર ધરાવે છે. તપાસમાં મિટના કોન્ટ્રાકટર ગાડી લઈને જતા હોવાનું જણાયું છે.

આગામી દિવસોમાં કમોસમી વરસાદની આગાહીને લઈને કૃષિ વિભાગે ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરી

ખેડૂતોને ઉભા પાકમાંથી પાણીનો નિકાલ કરવા અને પિયત કે યુરિયા ખાતર ન આપવા કૃષિ વિભાગનો અનુરોધ

ગાંધીનગર તા.૩૦

હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે આગામી ૩૦ નવેમ્બરથી આગામી બે દિવસ દરમ્યાન અમદાવાદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ અને માવઠા એટલે કે કમોસમી વરસાદની આગાહી છે. જેને અનુલક્ષીને ખેડૂતોને પાક સંબંધિત કાળજી રાખવા માટે અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેમાં હાલમાં જીલ્લામાં ચણા, ઘઉ, તથા રાઈ કે અન્ય મરીમસાલા પાકોમાં નવીન વાવેતર થયેલ હોય તેવા પાકોમાં વરસાદી પાણી ભરાઈ ન રહે તે હેતુસર ક્યારા તોડી સત્વરે પાણીનો નિકાલ કરવાની યોગ્ય વ્યવસ્થા કરવી જેથી પાણી ભરાવાના કારણસર પાક નિષ્ફળ જવાની શકયતાને નિવારી શકાય. બીટી કપાસમાં જીંડવા ફાટેલા હોય તો કપાસની વીણી તાત્કાલિક ધોરણે કરી લેવી અને કપાસ સલામત જગ્યાએ રાખવો. ખેડૂતોએ શાકભાજી કે પોતાનો ઉત્પાદીત થયેલો પાક સલામત સ્થળે ગોડાઉનમાં રાખવો. ઘાસચારો વગેરે પણ ગોડાઉનમાં સલામત સ્થળે રાખવો અથવા તાડપત્રી ઢાંકીને રાખવી જેથી વરસાદથી થનાર સંભવિત નુકશાનથી પાકને બચાવી શકાય. કમોસમી વરસાદના સંજોગો જણાય તો શાકભાજી વગેરે ઊભા પાકોમાં પિયત ટાળવું તથા યુરીયા જેવા રાસાયણિક ખાતરો આપવાનું ટાળવું જોઈએ. ઉભા પાકમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરવો નહી. ખેતરમાં ખુલ્લા રહેલા પુળા કે ઘાસચારાના ઢગલા વ્યવસ્થિત જગ્યાએ ઢાંકીને રાખવા. બાગાયતી ફળ પાકો અને શાકભાજી કમોસમી વરસાદ પહેલા ઉતારીને બજારમાં સુરક્ષિત રીતે પહોંચાડવા. કમોસમી વરસાદ થાય તેવા સંજોગોમા ખેતરમાં ઉભા પાકમાં પાણી ભરાય તો તુરંત જ નિકાલ કરવો. એ.પી.એમ.સી.માં અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા અને અનાજ કે ખેતપેદાશ તાડપત્રીથી ઢાંકીને રાખવા. એ.પી.એમ.સી.માં વેંચાણ અર્થે લઈ જવાતી ખેતપેદાશો તાડપત્રી ઢાંકીને જ લઈ જવી. પશુઓ માટેના ઢાળીયા કે કાચા શેડ વ્યવસ્થિત રાખવા અને પવનમાં ઉડે નહીં તે સુનિશ્ચિત કરવું. બિયારણ અને ખાતર જેવા ખેતી ઈનપુટનો જથ્થો સુરક્ષિત રાખવો. ખેતરની કે ઘરની આજુબાજુ મોટા ઝાડ હોય તો તેની છટણી અવશ્ય કરવી જેથી જોખમ ટાળી શકાય. વરસાદ કે પવનની આગાહી ધ્યાને લેતાં મોબાઈલ ફોન, ટોર્ચ વગેરે ચાર્જ કરીને રાખવું અને સુરક્ષા કે સલામતી માટેની તમામ વ્યવસ્થા રાખવી.

લકઝમબર્ગ-ગ્રાન્ડ ડચીનાં રાજદુતે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાત લીધી

ગાંધીનગર તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લકઝમબર્ગ-ગ્રાન્ડ ડચીના રાજદૂત પેગી ફ્રેન્ટઝેને ગાંધીનગરમાં લીધી હતી. તેમણે મુખ્યમંત્રી સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેમના રાષ્ટ્રની એક કંપની કચ્છના મુંદ્રામાં ૧૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે પોતાનું યુનિટ સ્થાપવાની છે. લકઝમબર્ગ રાજદૂતે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં લકઝમબર્ગ સ્ટોક એકસચેંજ શરૂ કરવાની પણ તત્પરતા વ્યક્ત કરી હતી. પેગી ફ્રેન્ટઝેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તેમના કાર્યકાળમાં યોજાઈ રહેલી આ પ્રથમ વાઈબ્રન્ટ સમિટની સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને કહ્યું કે, વિસ્તારની દ્રષ્ટિએ નાનો દેશ હોવા છતાં લકઝમબર્ગની આઠ-દસ કંપની-ઉદ્યોગો ભારતમાં કાર્યરત છે તે આવકાર્ય છે. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં આઈ.ટી., ફાઈનાન્સિયલ સર્વિસીઝ, મેડીકલ ડિવાઈસિઝ અને રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રોમાં ઘણી પ્રગતિ થઈ છે. આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨માં લકઝમબર્ગના ઉદ્યોગો આ સેકટરમાં સહભાગિતા માટે આગળ આવે તો આ સાજીદારી ભારત-ગુજરાત-લકઝમબર્ગ માટે ઉપયુક્ત બનશે એમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ લકઝમબર્ગ રાજદૂતને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવાનું આમંત્રણ પાઠવીને આગામી વાઈબ્રન્ટ ૨૦૨૨માં તેમના દેશના ઉચ્ચસ્તરિય પ્રતિનિધિમંડળ સાથે જોડાવા પણ નિમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીએ લકઝમબર્ગ રાજદૂતને સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ સ્મૃતિભેટ રૂપે અર્પણ કરી હતી. મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાશનાથન તેમજ ઉદ્યોગ કમિશ્નર રાહુલ ગુપ્તા, ઈન્ડેક્ષ-બીના એમ.ડી. નિલમ રાની આ બેઠકમાં જોડાયા હતા.

બળજબરીપૂર્વક સમાધાન કરવાનું કહી, ત્રણ શખ્સોના ત્રાસથી કંટાળીને લોહાણા યુવાને ગળાફાંસો ખાઈને જિંદગી ટૂંકાવી

ખંભાળિયાના યુવાને મરતા પૂર્વે વિડિયો બનાવીને આપઘાત કર્યો

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયાના બંગલાવાડી વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવીને ગુજરાત ચલાવતા એક લોહાણા યુવાનને અગાઉ ત્રણ શખ્સોએ માર માર્યા બાદ તેની પોલીસ ફરિયાદ અંગેનું સમાધાન કરવા બળજબરીપૂર્વક ત્રાસ આપતા આ યુવાને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે સંદર્ભે પોલીસે સુસાઈડ નોટ કબજે કરી ધોરણસર ફરિયાદ નોંધી છે. આ સમગ્ર પ્રકરણને જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયાના બંગલાવાડી વિસ્તારમાં રહેતા દિલીપભાઈ શાંતિલાલ ઉનડકટ ઉર્ફે દુલો નામના ૪૦ વર્ષના યુવાનને આજથી આશરે છ માસ પૂર્વે અહીંના જોધપુર ગેઈટ વિસ્તારમાં રીક્ષા રાખવા બાબતે અહીંના સંજય નાથા ચોપડા નામના શખ્સ સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ તેના ભાઈ દેવા નાથા ચોપડા તથા અન્ય શખ્સ કિશન કાનજી બગડા નામના ત્રણ શખ્સોએ દિલીપભાઈને બેફામ મારી, ફેકચર સહિતની ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સંદર્ભે જે-તે સમયે અહીંના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગેનો કેસ અહીંની અદાલતમાં ચાલુ હોય, જે સંદર્ભે ગત તારીખ ૧૭ નવેમ્બરના રોજ કોર્ટની મુદ્દતમાં ગયેલા દિલીપભાઈ તથા તેમની સાથે ગયેલા તેમના નાનાભાઈ સુનિલભાઈ સાથે આરોપી શખ્સોએ સમાધાન કરી લેવાની વાત કરી હતી. પરંતુ તેઓ સમાધાન કરવાના મૂડમાં ન હોય, આરોપી શખ્સો દ્વારા બળજબરીપૂર્વક સમાધાન કરવા માટે દિલીપભાઈને દબાણ કરવામાં આવતું હતું. આટલું જ નહી આરોપી શખ્સો એ જો તે સમાધાન નહીં કરે તો પૂર્ન: ટાંટિયા ભાંગી નાખવાની ધમકી પણ ઉચ્ચારી દીધી હોવાનું બહાર આવ્યું છે. આમ, આ ત્રણ શખ્સોના ત્રાસથી કંટાળીને દિલીપભાઈ ગઈકાલે સોમવારે પોતાના સાંજે પોતાના ઘરે દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનો નિષ્પ્રાણ દેહ સાંપડ્યો હતો. વધુમાં વિગત મુજબ મારતા પહેલા દિલીપભાઈએ આરોપીઓના નામજોગ સુસાઈડ નોટ તથા આ અંગેના વિડીયો પોતાના મોબાઈલમાં બનાવી અને આરોપી શખ્સોને કડક સજા કરવામાં આવે તેવી પણ અપીલ કરી હતી. આપઘાતનો એક માત્ર રસ્તો હોવાનું જણાતાં તથા દિલીપભાઈએ સુસાઈડ નોટ બનાવી મોબાઈલમાં વિડીયો ઉતારી અને મોતની સોડ તાણી લીધી હતી. આ બનાવ અંગે દિલીપભાઈના નાનાભાઈ સુનિલભાઈ શાંતિલાલ ઉનડકટ (ઉ.વ. ૩૬, રહે. ધરારનગર)ની ફરિયાદ ઉપરથી ખંભાળિયા પોલીસે સંજય નાથા ચોપડા, દેવા નાથા ચોપડા તથા કિશન કાનજી બગડા સામે આઈ.પી.સી. કલમ ૩૦૬, ૫૦૬ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. મૃતક યુવાનના લગ્ન આજથી આશરે ચૌદ વર્ષ પૂર્વે જૂનાગઢ ખાતે એક યુવતી સાથે થયા હતા. તેમને હાલ ૧૧ વર્ષની એક પુત્રી છે અને તેમની પત્ની હાલ રિસામણે હોવાનું તથા તેઓ અત્રે એકલા રહેતા હોવાનું વધુમાં જાણવા મળ્યું છે. આ બનાવે રઘુવંશી સમાજ સાથે શહેરભરમાં ભારે ચકચાર જગાવી છે.

માંગરોળમાં જીપીએસસી આસીસ્ટન્ટ પ્રોફેસર કલાસ-૨નાં માર્ગદર્શન વિષે રાજ્ય કક્ષાનો સેમિનાર યોજાયો

માંગરોળ તા.૩૦

તારીખ ૨૭ નવેમ્બરના રોજ જૂનાગઢ જિલ્લાના માંગરોળ નિવાસી ડો. સચિન જે. પીઠડીયા (લેખક અને આસિસ્ટન્ટ પ્રોફેસર)એ તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર ઉતમ ગણાતી **Unacademy** યુટયુબ ચેનલ ઉપર **GPSC class-૨** આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા માટે કેવી રીતે તૈયારી કરવી તેના વિષે માર્ગદર્શન વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગુજરાતના જાણિતા મોટીવેશનલ સ્પીકર અશોક ગુજજરે ડો. સચિન પીઠડીયાનું ઈન્ટરવ્યું લીધું હતું. આ ઈન્ટરવ્યુંમાં ખાસ કરીને આસિસ્ટન્ટ પ્રોફેસર વર્ગ બે અધિકારી બનવા માટે ઓછામાં ઓછી લાયકાત જે વિષયમાં ગ્રેજયુએશન હોય તે વિષયમાં એમ.એ. (પોસ્ટ ગ્રેજયુએશન) અને તેજ વિષયમાં જી.સેટ તથા જીપીએસી માટે રીઝનિંગ, ભૂગોળ, ગણિત, ઈતિહાસ, કરન્ટ ટોપીક જેવા અલગ અલગ ટોપીકો માટે કઈ રીતે તૈયારી કરવી, કેવા પ્રકારની બુકોનું વાંચન કરવું તે વિષે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત પરિક્ષામાં ઉતિર્ણ થવા માટે જુના પેપરોનું એનાલિસીસ કરવું, ગોલ નકકી રાખવો તેમજ અડગ મનોબળ ધૈર્યસાથે પરિક્ષાની તૈયારી કરવા ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. ગુજરાત એલિજિબિલિટી સ્ટેટ અથવા નેશનલ એલિજિબિલિટી સ્ટેટ-નેટ પરીક્ષા ઉત્તીર્ણ હોવા જોઈએ તેમજ પી.એચ.ડી. હોય તો પણ આસિસ્ટન્ટ પ્રોફેસર યુજીસીના નિયમ મુજબ બની શકાય છે. આ ઉપરાંત નેટ જીસેટ આ બંને આરોપીઓએ રૂા.૧૭.૭૦ લાખ બળજબરીથી કઢાવી લઈ અને બીજા રૂા.૨૦ લાખની માંગણી કરતા ફરીયાદીએ નાહી આપતા આ કામના આરોપીઓ ફોરવ્હીલ ગાડી સાથે નાંદરખી ગામે આરોપી નં.૧ નાંએ મોકલી નાંદરખી ગામની સીમમાં ખેતરે આવી ફરીયાદીનાં પિતાનું અપહરણ કરી ખેતરનો દસ્તાવેજ તથા કોરા ચેક રાખેલ થેલી લઈ જઈ રસ્તામાં લઈ જઈ આરોપીઓએ ગુનો કર્યો હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસો કલમ ૩૬૫, ૩૮૬, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ ગુનો દાખલ કરેલ છે. આ કામની વધુ તપાસ વંથલીનાં પીએસઆઈ એ.પી. ડોડીયા ચલાવી રહયા છે.

વંથલી તાલુકાનાં નાંદરખી ગામે જમીન વેચી છે તો કમિશન આપવું પડશે કહી અપહરણ કર્યાની પાંચ સામે પોલીસ ફરીયાદ

જૂનાગઢ તા. ૩૦

વંથલી તાલુકાનાં નાંદરખી ગામે સીમ વિસ્તારમાં બનેલા એક બનાવમાં જમીન વેચી છે તો કમિશન આપવું પડશે કહી અપહરણ કર્યાની પાંચ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢનાં ઝાંઝરડા રોડ, જોગી પેટ્રોલ પંચની સામેની શેરીમાં રહેતા વિશાલ ગોકળભાઈ મારવાણીયા (ઉ.વ.૨૮)એ હીરાભાઈ પરબતભાઈ ભારાઈ રહે. નાંદરખી, રામા હીરાભાઈ ભારાઈ, નાંદરખી, ભૂપત બાવન કટારા રહે. જૂનાગઢ તથા તેની સાથેનાં બે અજાણ્યા શખ્સો સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીએ નાંદરખી ગામની જમીન વેચેલ હોય તે બાબતો આરોપી નં.૧ હીરાભાઈ પરબતભાઈ ભારાઈએ ફરીયાદીને કહેલ કે, નાંદરખી ગામમાં કોઈપણ જમીન વેચે તેમાં મારૂ કમિશન લાગે, તારે રૂા. ૨૦ લાખ મને આપવા પડશે, બાકી તને પતાવી દઈશ તેવી ધમકી આપી તેમજ આરોપી નં.૨ રામા હીરાભાઈએ પણ ફરીયાદીને ધમકી આપી ફરીયાદી પાસેથી

:: અવસાન નોંધ ::

જૂનાગઢ : વાંજા દુર્લભજીભાઈ ગોરધનદાસા ગોહેલ (ધારીવાળા) તે કાંતિભાઈ, શાંતિભાઈ, મનસુખભાઈના મોટાભાઈ તેમજ સ્વ. રજનીભાઈ, રમણિકભાઈ, દિલીપભાઈ, ધીરેન્દ્રભાઈ, નીતીન તથા પ્રફુલાબેનનાં પિતાશ્રી તથા નગીનભાઈ આમસેડાના સસરા તેમજ દર્શન, નીમીલ, કીર્તન, પુજા, મનાલી, હેમાંગી, નિધિ, ઈશીતાના દાદા તા.૨૭-૧૧-૨૦૨૧ કારતક વદ આઠમને શનિવારનાં રોજ ગોપાલ ચરણ પામેલ છે.

જામ ખંભાળિયા : સ્વ. શાંતિલાલ તુલસીદાસ ઉનડકટના પુત્ર દિલીપભાઈ (દુલો) ઉ.વ.૪૦ તે સુનિલભાઈના મોટાભાઈ તા.૨૯મીના રોજ અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા શ્વસુર પક્ષની સાદડી બુધવાર તા.૧ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ ભાઈઓ તથા બહેનો માટે અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.

છતાવેજો નહિ પણ માત્ર ચહેરો બતાવવાથી મળી જશે પેન્શન

નવી દિલ્હી તા.૩૦

પોતાના જ પૈસા મેળવવા માટે ઘણીવાર પેન્શનરોને કચેરીઓના ધક્કા ખાવા પડતા હોય છે. કેન્દ્ર સરકારે આ અંગે મહત્ત્વનો નિર્ણય લીધો છે જેને કારણે વડીલોને પારાવાર મુશ્કેલીઓમાંથી રાહત મળશે. હવે દસ્તાવેજો નહિ પણ માત્ર ચહેરો બતાવવાથી મળી જશે પેન્શન, કર્મચારીઓને પડતી મુશ્કેલીઓમાંથી મળશે મુક્તિ. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે ડિજિટલ રીતે પ્રમાણપત્રો જારી કરવાની સુવિધા પહેલેથી જ શરૂ કરી છે. કેન્દ્રિય રાજય મંત્રી સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર પેન્શનરોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને તેમના માટે સરળ જીવન સુનિશ્ચિત કરે છે. કેન્દ્રીય રાજય મંત્રી જિતેન્દ્ર સિંહે યુનિક ફેસ રેકગ્નિશન ટેકનોલોજી લોન્ચ કરી છે. તે પેન્શનરો માટે જીવન પ્રમાણપત્રના પુરાવા તરીકે કામ કરશે અને નિવૃત્ત અને વૃદ્ધ નાગરિકો માટે સરળતા સુનિશ્ચિત કરશે. પેન્શન ચાલુ રાખવા માટે તમામ પેન્શનરોએ વાર્ષિક ધોરણે તેમનું જીવન પ્રમાણપત્ર સબમિટ કરવું જરૂરી છે. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે ડિજિટલ રીતે પ્રમાણપત્રો જારી કરવાની સુવિધા પહેલેથી જ શરૂ કરી છે. સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર પેન્શનરોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને તેમના માટે સરળ જીવન સુનિશ્ચિત કરે છે. ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી તરત જ, સરકારે પેન્શનરો માટે ડિજિટલ જીવન પ્રમાણપત્ર રજૂ કરવાનો અને અમલ કરવાનો નિર્ણય લીધો હતો. તેમણે કહ્યું કે હવે ફેસ રેકગ્નિશન ટેકનોલોજી પેન્શનરોને વધુ મદદ કરશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે જીવન પ્રમાણપત્રો આપવા માટેની ચહેરાની ઓળખની ટેકનોલોજી એ ઐતિહાસિક અને દૂરગામી સુધારો છે. આ માત્ર ૬૮ લાખ કેન્દ્ર સરકારના પેન્શનરોના જીવનને સ્પર્શશે નહીં પરંતુ **EPFO** અને રાજ્ય સરકારોને પણ મદદ કરશે. મંત્રીએ આ ટેકનોલોજી વિકસાવવા અને પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગની આવી પહેલને શક્ય બનાવવા માટે ઈલેકટ્રોનિકસ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલયની સાથે **UIDAI** (ભારતની અનન્ય ઓળખ પ્રાધિકરણ) નો પણ આભાર માન્યો છે. મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારે હંમેશા નિવૃત્ત લોકો અને પેન્શનરો સહિત સમાજના તમામ વર્ગો માટે જીવનની સરળતા લાવવાનો પ્રયાસ કર્યો છે, જે તમામ અનુભવ અને આપવામાં આવેલ લાંબા વર્ષોની સેવા સાથે દેશની સંપત્તિ તરીકે આગળ આવ્યા છે. મંત્રીએ એવાત ઉપર પણ ફરી ભાર મૂક્યો કે કોરોના વાયરસ રોગચાળાના સમયમાં પણ પેન્શન વિભાગે પ્રોવિઝનલ પેન્શન અથવા ફેમિલી પેન્શનની છૂટ માટે ઘણા સુધારા કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પેન્શન વિભાગ તેના કામ માટે ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરી રહ્યું છે, પછી ભલે તે ભારત સરકારના તમામ મંત્રાલયો માટે પેન્શનની બાબતોની પ્રક્રિયા કરવા માટે ઈન્ટેલિજન્ટ કોમન સોફ્ટવેર ફ્યુચરની રજૂઆત કરવાની હોય અથવા ડિજિટલ જીવન પ્રમાણપત્ર મેળવવાનો બાબત હશે.

કોરોના મહામારીની સંભવીત ત્રીજી લહેરનાં ખતરા વચ્ચે

જૂનાગઢ સિવિલ હોસ્પિટલ તંત્ર સજ્જ : ૧૧૮૧ ઓકિસજન બેડ, ૩ ઓકિસજન પ્લાન્ટ, ૩૪૮ વેન્ટિલેટરની સુવિધા ઉભી કરાઈ

જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલનાં સુપ્રિટેન્ડેન્ટ ડો. સુશિલકુમારનાં માર્ગદર્શન હેઠળ દવાનાં પુરતા સ્ટોક સાથે મેડિકલ સ્ટાફને ટ્રેનિંગ પુરી પડાય છે

જૂનાગઢ તા.૩૦

ગુજરાતનાં મેગા શહેરોની માફક જૂનાગઢ શહેરમાં પણ સિવિલ હોસ્પિટલ ખાતે અદ્યતન સાધનોઅને અદ્યતન સુવિધાની સાથે અહીં આવનારા દર્દીઓને ઉચ્ચતમ સારવાર નિષ્ણાંત ડોકટરો દ્વારા આપવામાં આવી રહી છે. જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલનાં સિવિલ સુપ્રિટેન્ડટ ડો. સુશિલકુમારનાં માર્ગદર્શન હેઠળ કોરોના મહામારીની સંભવીત ત્રીજી લહેર પૂર્વે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં વિવિધ સુવિધાઓથી તંત્ર સજ્જ બની ગયું છે. ઓકિસજન બેડ, ઓકિસજન પ્લાન્ટ અને વેન્ટિલેટર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. જૂનાગઢ જિલ્લામાં પ્રથમ અને બાદમાં આવેલ કોરોનાની બીજી લહેરમાં અનેક લોકો હેરાન-પરેશાન થઈ ગયા હતા. જોકે, હાલમાં કોરોનાની સ્થિતી કાબુમાં છે. છેલ્લા ૧૦ કરતા વધુ દિવસથી જૂનાગઢ જિલ્લામાં કોરોનાનો એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી. તેમ છતાં કોરોનાની ત્રીજી લહેરની સંભવના વ્યક્ત થઈ રહી છે. ખાસ કરીને કોરોનાનો નવો વાયરસ ઓમીક્રોને દુનિયામાં દેખા દીધી છે. ત્યારે આ વાયરસનું સંક્રમણ થાય તો શું કરવું તે માટે જૂનાગઢ સિવીલ હોસ્પિટલ દ્વારા પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. આ અંગે જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલનાસિવીલ સુપ્રિટેન્ડેન્ટ ડો. સુશિલકુમારે જણાવ્યું હતુ કે, કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે લડવા અને લોકોને સંક્રમણથી બચાવવા હોસ્પિટલ તંત્ર સજ્જ બન્યું છે. આ માટે દવા, ઓક્સિજન, બેડ, વેન્ટીલેટર, તબીબી સ્ટાફ સહિતની તમામ વ્યવસ્થાઓ ઉપર પુરતું ધ્યાન આપી વ્યવસ્થાઓ વધારવામાં આવી છે. હાલ જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં ૧૦૮૧ ઓક્સિજન બેડ તૈયાર રખાયા છે. આ ઉપરાંત ૩૪૮ વેન્ટીલેટર પણ ઉપલબ્ધ છે. જ્યારે કોરોનાની બીજી લહેરમાં ઓક્સિજનની ક્ષતિ ઉભી થઈ હતી તેને ધ્યાને રાખી ઓક્સિજન માટે પણ પુરતી તૈયારી કરાઈ છે. હાલ સિવીલ હોસ્પિટલમાં ઓક્સિજનના ત્રણ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. ૧૦૦૦-૧૦૦૦-૫૦૦ મળી કુલ ૨૫૦૦ કેપીસીટીના ટીએસએ પ્લાન્ટ કાર્યરતછે. આ પ્લાન્ટ હવામાંથી ઓક્સિજન જનરેટ કરશે. પરિણામે કોરોનાની મહામારીમાં મહત્વની ગણાતી ઓક્સિજનની કમી ઉભી થવા નપામે.

દવાનો સ્ટોક મંગાવી રખાયો : કોરોનાની ત્રીજી લહેર આવે તો તેની સામે લડવા માટે સિવીલ હોસ્પિટલ તંત્ર દ્વારા દવાનો પુરતો સ્ટોક કરી લેવાયો છે. ખાસ કરીને કોરોનાની સારવારમાં ઉપયોગી એવી એમફોટેરીસીન બી ૫૦ એમએમ ઈન્જેકશન અને રેમડેસિવીર ઈન્જેકશન, ફેવીપીરાવિર ટેબ્લેટનો જથ્થો તૈયાર રખાયો છે. આ ઉપરાંત સિવીલના તબીબ ડો. આકાશ કોરાટે તેમની બહેનને ત્યાં દીકરીનો જન્મ થતાં સિવીલ હોસ્પિટલને કોરોનામાં ઉપયોગી થતી ૫ લાખની દવાનો જથ્થો ફ્રીમાં આપ્યો છે.

ઓક્સિજન સ્ટોરેજની કેપેસીટી વધારાઇ : કોરોનાની પહેલી લહેર વખતે ઓક્સિજનની સ્ટોરેજ કેપેસીટી ૬ હજાર લીટર હતી. હવે આ કેપેસીટી વધારીને ૨૪ હજાર લીટર કરાઈ છે. દરમ્યાન ૨૦ હજાર લીટરની એક ટેન્કઅને ૪ હજાર લીટરની એક ટેન્ક તૈયાર કરાઈ છે.

નવું સીટી સ્કેન આવશે : સિવીલ હોસ્પિટલમાં હાલમાં ૧ સીટી સ્કેન મશીન ઉપલબ્ધ છે. ભવિષ્યની કોરોનાની ત્રીજી લહેરને ધ્યાને રાખી વધુ એક સીટી સ્કેન માટે સરકારમાં અરજી કરાઇ હતી. જે મંજૂર થયેલ છે. પરિણામે ટૂંક સમયમાં સિવીલ હોસ્પિટલમાં વધારાનું નવું સીટી સ્કેન મશીન પણ આવી જશે.

૪,૪૧,૯૨૦ના ટેસ્ટ કરાયા : કોરોનાની પ્રથમ અને બીજી લહેરમાં મળી લેબોરેટરીમાં કુલ ૪,૪૧,૯૨૦ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. દરમ્યાન કોરોનાની બીજી લહેરમાં સિવીલ હોસ્પિટલમાં ૩,૮૨૦ દર્દીઓને કોરોનાની સારવાર આપવામાં આવી હતી.

૩૮,૭૧૯ને વેક્સિન અપાઇ : કોરોના મહામારી સામે રામબાણ ઈલાજ ગણાતી વેક્સિનેશનની કામગીરી પણ સિવીલ હોસ્પિટલ ખાતે હાથ ધરાઈ રહી છે. અત્યાર સુધીમાં કુલ ૩૮,૭૧૯ લોકોને વેક્સિન આપી કોરાનાથી રક્ષિત કરાયા છે. હજુ પણ કોરોના વેક્સિન આપવાની કામગીરી જારી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧ જાન્યુઆરી માસથી જૂનાગઢ જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલનાં સુપ્રિટેન્ડટ પદે ડો. સુશિલકુમારએ ચાર્જ સંભાળ્યા બાદ અનેક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અહીં આવનારા દર્દીઓને સારામાં સારી આરોગ્ય સેવા મળી શકે તે માટેનાં પ્રયાસો ઉપલબ્ધ કરવામાં આવેલ છે અને સફળ પણ થયા છે. તેમજ કોરોના કાળનાં ભયંકર સમયકાળમાં પણ સિવિલ હોસ્પિટલ જૂનાગઢ દ્વારા દર્દીઓને ઉત્તમ સારવાર પુરી પાડવામાં આવી રહી છે. હોસ્પિટલનાં સુપ્રિટેન્ડટ ડો. સુશિલકુમારનાં માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલનાં નિષ્ણાંત ડોકટરો અને સ્ટાફ દ્વારા ખૂબજ સારી કામગીરી કરવામાં આવી રહી હોવાનું અહીંસારવાર લેનાર અનેબાદમાં સ્વસ્થ થયેલા દર્દીઓ જણાવી રહ્યા છે.

જૂનાગઢ શહેરમાં માત્ર ૩૪ મિનિટમાં ફોનવાલા મોબાઈલની દુકાનમાંથી ૧૪.૯૭ લાખના મુદ્દામાલની ચોરી થઈ ગઈ

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં અતિ ધમધમતા એવા એમજી રોડ ઉપર આવેલા એક મોબાઈલની દુકાનમાં તસ્કોરોએ શટર વાળી અને કુલ રૂા.૧૪,૯૭,૮૪૩ની કિંમતનાં મુદ્દામાલની ચોરી કરી જવાનાં પગલે ચકચાર જાગી ઉઠી છે. આ બનાવને પગલે પોલીસ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. આ બનાવ અંગે પોલીસે આપેલ વિગત અનુસાર જૂનાગઢના એમજી રોડ ઉપર આવેલ ફોનવાલા નામની મોબાઈલની દુકાનના મેનેજર ઈકબાલભાઈ અબ્દુલમિયા કાદરીએ (રહે.બુકરફળિયા, એકસલેન્ડ હાઈસ્કૂલની બાજુમાં) બી ડિવીઝનમાં

ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૨૯ નવેમ્બરના સવારના ૫થી લઈને ૫:૫૫ સુધીમાં આ ચોરી થઈ છે. અજાણ્યા તસ્કરોએ દુકાનનું શટર ઉંચુ કરી પ્રવેશ મેળવ્યો હતો અને ૪૯ મોબાઈલ કિંમત ૧૦,૩૪,૧૨૬, અલગ અલગ કંપનીના ચાર્જર, હેન્ડસ ફ્રિ, બ્લુટુથ વગેરે મળી ૩,૮૩,૭૧૭ તેમજ રોકડા ૮૦,૦૦૦ મળી કુલ ૧૪,૯૭,૮૪૩ના મુદ્દામાલની ચોરી કરી ગયા છે. રવિવાર બપોર બાદ દુકાન બંધ કરી જતા રહ્યા હતા અને સોમવારે ૧૦ વાગ્યે આવતા ચોરી થયાની જાણ થઈ હતી. દુકાનના કેમેરા બંધ હતા, જ્યારે બાજુમાં આવેલ લક્ષ્મી લોન્ડ્રીના સીસીટીવી કેમેરા ચેક કરતા વ્હેલી સવારે ૫:૨૧ એ દુકાન પાસે ચાર શખ્સો ઉભેલા જણાયા હતા. બાદમાં ૧ શખ્સે શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશ કરી હાથફેરો કર્યો હતો અને બાકીના લોકો બહાર ઉભા હતા. દરમ્યાન ૫:૫૫ વાગ્યે દુકાનમાંથી શખ્સ બહાર આવતા તમામ લોકો ચોરી કરીને જતા રહ્યા હતા. આમ, માત્ર ૩૪ મિનીટમાં જ ચોરીની ઘટનાને અંજાર આપી તસ્કરો રફૂચક્કર થઈ ગયા હતા. બી ડિવિઝન પોલીસે ફરિયાદ નોંધી તસ્કરોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જૂનાગઢ સહિત સોરઠમાં ધાબડીયું વાતાવરણ

જૂનાગઢ તા. ૩૦

ગુજરાતમાં હાલ શિયાળાનાં દિવસોમાં ઉનાળા જેવી ગરમી બાદ હવે ફરી ચોમાસા જેવો માહોલ સર્જાશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. આવતીકાલ તા. ૧ ડિસેમ્બર બુધવારે મહારાષ્ટ્રનાં દરીયા કિનારા નજીક અરબી સમુદ્રમાં નવું એક લો-પ્રેશર સર્જાઈ શકે છે જેને લઈને રાજયનાં વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ બનવાની શકયતા છે. અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગિર સોમનાથમાં પણ વરસાદ પડી શકે છે તેવી આગાહી છે. આ દરમ્યાન ગઈકાલથી જ વાતાવરણમાં પલ્ટો આવેલ છે અને આજે સવારથી જ જૂનાગઢ અને સોરઠ પંથકમાં ધાબડીયું વાતાવરણ સાથે ઠંડીની અસર જોવા મળી રહી છે.

જૂનાગઢમાં કર્મચારીએ કંપનીનાં માલિક સાથે રૂા. ૩૦ લાખની છેતરપીંડી કરી

પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢમાંએક કંપનીમાંથી કર્મચારી તરીકે સારી કામગીરી કર્યા બાદ કંપનીનાં માલિક સાથે રૂા.૩૦,૦૦૦૦૦ની છેતરપીંડી કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧૦૪માં રહેતા ચિરાગ હર્ષદભાઈ લાખાણી (ઉ.વ.૪૦)એ રાજમોતી એપાર્ટમેન્ટ બ્લોક નં. ૨૦૨માં રહેતા સંજય મગનલાલ મકવાણા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં આરોપીએ ફરીયાદીની કંપનીમાં કર્મચારી તરીકે સારૂ કામ કરી માલિકનો વિશ્વાસ કેળવી લીધા બાદ કંપનીનાં માલિકે ઘઉંની ખરીદી માટે રૂા.૩૦,૦૦૦૦૦ આપેલ જે નાણાં આરોપીએ અંગત ઉપયોગમાં લઈ બાદમાં નાણાં પરત કરી આપવાની કબુલાત કરી હતી. આ નાણાં પરત નહી કરી અને આરોપી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે. શિખર કોમ્પલેક્ષ ત્રીજા માળે, મીઠીયા કોટન કંપનીમાં આ બનાવ બન્યાનું પોલીસ દફતરે નોંધાવેલ છે. પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૪૨૦ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે અને વધુ તપાસ હાથ ધરી છે.

માણાવદરમાં ઉછીના પૈસા બાબતનાં મનદુઃખે હુમલો : ત્રણ સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૩૦ : માણાવદર સ્ટેશન પ્લોટ ખાતે રહેતા બાલાભાઈભીખાભાઈ શામળા (ઉ.વ.૨૯)એ આ કામનાં આરોપી રમેશ નારણ મકવાણા, કરશનભાઈ નારણભાઈ અને નારણ લાખા કરમટા વિરૂધ્ધ પોલીસમાં એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદીએઆરોપી નં.૧ રમેશનારણ મકવાણાને કટકે કટકે હાથ ઉછીના રૂા. ૩ લાખ આપેલ હોય અને આ રૂપિયા ફરીયાદી અવાર નવાર આરોપી પાસે માંગતા હોય જે આરોપીને ગમતું ન હોય જેથી ફરીયાદી સાથે ઝઘડો કરેલ તેમજ અન્ય આરોપીને બોલાવી ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી તેમજ છરી વડે ઈજા કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાવતા માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વિશ્વ વિકલાંગ દિવસે દિવ્યાંગો દ્વારા આવેદનપત્ર અપાશે, ૪ વર્ષમાં રાજ્યમાં દિવ્યાંગોએ ૧,૨૫૦ આવેદનો આપ્યા

જૂનાગઢ સહિત રાજ્યના તમામ જિલ્લામાં માંગ સંતોષવા કરાશે રજૂઆત

જૂનાગઢ તા.૩૦

૩ ડિસેમ્બરને વિશ્વ વિકલાંગદિવસ તરીકે મનાવાય છે. જોકે, વિકલાંગોની અનેક પડતર માંગણીઓ છે. આ માંગણીઓ સંખ્યાબંધ વખત રજૂઆત, આંદોલન, આવેદન આપવા છત્તાં સંતોષાય નથી. ત્યારે વિશ્વ વિકલાંગ દિવસે વધુ એક વખત આવેદન આપી સરકારની સંવેદનાને જગાડવા પ્રયાસ કરાશે. આ અંગે દિવ્યાંગ અધિકાર મંચના પ્રમુખ રમેશભાઈ કોરાટે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ૧૧,૮૦,૦૦૦ વિકલાંગો છે. આ વિકલાંગોની કેટલીક માંગો છે. જેમકે, તમામ દિવ્યાંગોને માસિક ૫,૦૦૦ પેન્શન, ૦ થી ૧૬ બીપીએલ યાદીમાં સામેલ કરવા અથવા સરકારી દિવ્યાંગોની યોજનામાંથી બીપીએલ કાઢી તમામને યોજનાનો લાભ આપવો, લોનમાં ગિરોખત કે જામીન નાબુદ કરવા, ૨૦૧૬ના દિવ્યાંગ ધારાનો ચુસ્તપણે અમલ કરવો, પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધી પ્રતિનિધીત્વ આપવું તેમજ રોજગાર ભરતી મેળા યોજી દિવ્યાંગોને રોજગારી આપવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. ત્યારે આ માંગોને લઈ અત્યાર સુધીમાં ૧,૨૫૦ વખત આવેદનો અપાયા છે, આંદોલનો કરાયા છે, રજૂઆતો કરાઈ છે છત્તાં માંગ સંતોષાઈ નથી! ત્યારે વધુ એક વખત જૂનાગઢ સહિત રાજ્યના તમામ જિલ્લામાં ૩ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યે સમાજ સુરક્ષા અધિકારીને આવેદન આપી યોગ્ય કરવા રજૂઆત કરાશે.

કોરોના મૃતકનાં પરિવારને રૂા.૫૦ હજાર નહી રૂા.૪ લાખ સહાય ચૂકવો : વિપક્ષી નેતા

ગાંધીનગર તા.૩૦

કોરોના મહામારીથી મૃત્યું પામેલ વ્યકિતઓનાં પરિવારજનોને રાજય સરકાર દ્વારા રૂા.૫૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે તેને બદલે કેન્દ્ર સરકારનાં ગૃહમંત્રાલયનાં હુકમ મુજબ રૂા.૪ લાખની સહાય ચૂકવવા ગુજરાત વિધાન સભા વિરોધ પક્ષનાં નેતા પરેશ ધાનાણીએ રાજયનાં મુખ્યમંત્રીને પત્ર લખીને માંગ કરી છે. આ ઉપરાંત કોરોના મૃતકોનું વિગતવાર સર્વે કરાવી મૃત્યું રજીસ્ટ્રર તૈયાર કરવા પણ માંગ કરી છે. કોવિડ-૧૯ મૃત્યું રજીસ્ટ્રર તૈયાર કરાશે તો અપુરતી નોંધણી કે નોંધણીમાંથી બાકાત રહી ગયેલ હોય તેવી વ્યકિતનાં પરિવારજનો પાત્રતા મુજબ વળતર મેળવી શકે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 5500* થી શરૂ

MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.ટી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨